
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંક ૮

# શ્રી આત્માનંદ પ્રકાશ.

ફાગણ



સ્વ. આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ.
જેમની જન્મ-શતાબ્દિ ઉજવવાની તડામાર તૈયારી ચાલી રહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧ શ્રી અરિહંત દેવની આરતિ... | (મુનિરાજ શ્રી બાલચંદ્રજી) ... | ૧૮૫ |
| ૨ અરિહંત દેવનો મંગળ દીવો | ” ” ” ... | ૧૮૬ |
| ૩ શ્રી વીતરાગ સ્તવ ભાષાનુંવાદ | (લે૦ ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા) | ૧૮૭ |
| ૪ સત્યજ્ઞાનનું રહસ્ય. | ... ... ... ... | ૧૯૧ |
| ૫ પ્રતિબિંબ ... ... ... | (રા. સુશીલ)... ... ... | ૧૯૪ |
| ૬ ઉત્તરાધ્યાય સૂત્રનો સદ્બોધ... | (લે૦ સ. ક. વિ.) ... | ૨૦૦ |
| ૭ શ્રી આત્મારામજી મહારાજની જન્મશતાબ્દિ વિરોધીઓને પડકાર. | (લે૦ મુનિ શ્રી ચરણવિજયજી) ... | ૨૦૩ |
| ૮ પાંચ સકાર... | (અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ) ... ... | ૨૦૮ |
| ૯ વર્તમાન સમાચાર .. | ... ... ... ... | |



જલદી નામ નોંધાવો. આ લાભ પાછળથી મળશે નહિં. થોડી નકલો સીલીકે છે.

### “ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ. ”

આગળ પ્રકટ થયેલની અશુદ્ધિઓને શોધી શુદ્ધ સંશોધન કરી ઉંચા કાગળો, શાસ્ત્રી સુંદર ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે. શ્રી **પ્રથમ પર્વ** ફાગણ શુદ ૨ ના રોજ પ્રસિદ્ધ થશે. પ્રથમથી ગ્રાહક થનારને બધા પર્વો મુદ્દલ કિંમતે આપવામાં આવશે. કેટલાક ગ્રાહકોના નામ નોંધાઇ ગયેલા છે. વ્યાખ્યાન માટે, ભંડાર માટે **પ્રત** આકારે; તેમજ લાઇબ્રેરી અને ગૃહસ્થ માટે **બુક** આકારે છપાવેલ છે. જે સાઇઝ જોવે તે સ્પષ્ટ લખી જણાવવું

પાછળ ગ્રાહક થનારને સીલીકમાં હશે તો જ બધા પર્વ મળી શકશે.

### શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર [ અને શ્રી સમરોશાહ ]

( ઐતિહાસિક દૃષ્ટિએ )

ચૌદમા સૈકામાં શ્રી સમરાશાહ ઓસવાળે પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો છે. તેનું ઐતિહાસિક દૃષ્ટિએ રસમય વર્ણન બાળજીવો ( બાળક-બાળકીઓ ) પણ હોંશે હોંશે વાંચી શકે તેવી ગુજરાતી સાદી ભાષામાં લખાયેલ છે. શત્રુંજય મુખ્ય મંદિરની છબી સાથે આપવામાં આવેલ છે. વાંચતા શ્રદ્ધાળુઓની ભાવના વિકસ્વર થાય તેવું છે. સહુ કોઈ લાભ લઇ શકે, તેમજ પ્રભાવના કરવા માટે મન વધે તે માટે માત્ર બે આના ( પોસ્ટ જુદું ) કિંમત રાખેલ છે.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની

જન્મ શતાબ્દિ

નિમિત્તે પ્રગટ થતો


# શ્રી આત્માનંદ શતાબ્દિ ગ્રંથ

આ ગ્રંથની અંદર આ દેશના તેમ જ યુરોપના જૈન-જૈનેતર વિદ્વાનોએ લેખો લખી મોકલ્યા છે તેના....ટુંકી....સૂચી....અત્રે....ઉતારી....છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ગુજરાતી વિભાગ


૧ ક્રાંતિકાર જૈન સાધુ

૨ જિનશાસન જ્યોતિર્ધર

મગનલાલ દલીચંદ દેશાઇ--રાજકોટ.

૩ વિશ્વની મહાવિભૂતિ વિજયાનંદસૂરિવરનો અક્ષરદેહ

પુણ્યવિજયજી.

૪ ન્યાયાંભોનિધિ શ્રીમત્ પૂજ્યપાદ આચાર્યશ્રી આત્મારામજીનું વ્યક્તિદર્શનઃ

શ્રી પોપટલાલ પુંજાભાઇ શાહ B. A. વાકાંનેર.

૫ શ્રી વિજયાનંદ સૂરિવરનો અમર કાવ્યદેહઃ

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા B. A., LL. B. Solicitor.

૬ વિનયપ્રધાન મહાપુરુષઃ

શ્રી કુંવરજી આણંદજી–ભાવનગર.

૭ શ્રી આત્મારામજી અને શ્રી દયાનંદજીઃ

શ્રી પોપટલાલ પુંજાભાઇ શાહ B. A. વાંકાનેર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ એક આદર્શ મુનિઃ
રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઈ દેશાઇ વડોદરા.
૯ સૂરિજીના કેટલાક જીવનપ્રસંગો અને તે ઉપરથી લેવાનો બોધ
પ્રસિદ્ધવકતા મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.
૧૦ શ્રી આત્મારામજી મહારાજ અને શ્રી મોહનલાલજી મહારાજ
પંન્યાસ શ્રી ઋદ્ધિ મુનિ.
૧૧ સમયજ્ઞ સંતઃ
શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.
૧૨ ગુરુજીના પગલે પગલેઃ
ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ વડોદરા.
૧૩ આચાર્યશ્રી વિજયાનંદસૂરિઃ એક આદર્શ સાધુ
નરોત્તમદાસ ભગવાન શાહ.
૧૪ યુગવીરનો જીવન સંદેહ
શ્રી ફૂલચંદ હરિચંદ દોશી.
૧૫ વીરચંદભાઇના પત્રોઃ
૧૬ સુસંસ્મરણોઃ
શ્રી સુરચંદ્ર પુરૂષોત્તમ બદાણી B. A, LL. B. રીટાયર્ડ સ્મોલકૉઝકોર્ટ જડ્જ.
૧૭ ધર્મવીર શ્રી બૂટેરાયજીઃ
ન્યાયવિજય.
૧૮ અવતરણોનું અવલોકન
શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.
૧૯ આત્મારામ
ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.
૨૦ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીઃ સંસ્મરણ
આત્મવલ્લભ.
૨૧ શ્રીમદ્ આત્મારામજી મહારાજના જીવનની વિશિષ્ટતા.
ફતેહચંદ ઝવેરભાઇ શાહ.
૨૨ સો વર્ષનો સિદ્ધિયોગ
દેવચંદ દામજી શેઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






## ગુજરાતી ( સાહિત્ય વિભાગ ).


૧ ગુજરાતી ભાષાના વિકાસમાં જૈનોએ ભજવેલો ભાગ
દીવાનબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

૨ ગુજરાતની જૈન સંસ્કૃતિ
શ્રી સારાભાઇ મણિલાલ નવાબ.

૩ મોગલ સમય પહેલાંનો કપડાં પરનો ચિત્રપટ
ડૉ. હીરાનંદ શાસ્ત્રી અને શ્રી સારાભાઈ મણિલાલ નવાબ.

૪ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરનું પ્રાકૃતદ્વયાશ્રય કાવ્ય
પ્રો. કેશવલાલ હિંમતરામ કામદાર.

૫ જૈનદર્શનમાં કર્મનું વર્ગીકરણઃ એક સૂચના
પ્રો. અતિસુખશંકર ત્રિવેદી.

૬ શ્રી ભદ્રબાહુસ્વામીઃ
ચતુરવિજયજી.

૭ વાચનાચાર્યશ્રી સુધાકળશ અને તેની ગુરુપરંપરા
ચતુરવિજયજી.

૮ ઇતિહાસ અને દર્શનઃ
શ્રી સુશીલ.

૯ જિનેશ્વરની વાણી
ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S.

૧૦ શ્રી માણિક્યસુંદરકૃત નેમીશ્વરચરિત-ફાગબંધ
સંશોધકઃ શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ. B. A., LL. B. Advocate.

૧૧ પ્રતિમા પૂજનઃ
રાજપાળ મગનલાલ વહોરા.


૧૨ મહાકવિ વિમલસૂરિ અને તેમનું રચેલું મહાકાવ્ય પઉમચરિય
શાંતિલાલ છગનલાલ ઉપાધ્યાય M. A.

૧૩ વડોદરાનું શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમંદિર
શ્રી મંજુલાલ રણછોડલાલ મજમુદાર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir









# English


1 The Great Atmaramji

Puran Chand Nahar M. A., B. L.

2 Handbills Published in America

3 Virchand R. Gandhi in Shri America

4 A short account of Shri Atmaramji

5 Origin of Chicago-Prashnottar

6 Talks of the occult

7 The significance of man


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



8 Influence of the Jain Saints
Sahityacharya Pandit Bishewarnath Reu-Jodhepur

9 The Child of Promise
Mrs. Rhys Davids D. Litt. M. A.

10 Necessity of Jain research
W. Schubring

11 Ahinsa
S. P. Badami B. A. LL. B.

12 A comparative Study of Swetambar & Digambar Literature
Prof. A. N. Upadhyay M. A. Rajaram College—Kolhapur

13 The joys of death
Ajit Prasad M. A. LL. B.
Advocate-Judge High Court—Bikaner

14 Jain Mysticism
Prof. Hiralal Jain M. A. LL. B. King Edward College Amraoti.

15 Jainism : A Universal religion

16 Shri Atmaramji Maharaj and his mission— Sri Chaitandas

17 Jain Acharya Shrimad Vijayanand Suri : The man and his message Baburam Jain M. A. LL. B.

18 An Appreciation Chandragupta Jain

19 The Story of Dhammya C. N. Patawardhan

20 Jain Iconography Dr. B Bhattacharya M. A. P. H. D

21 My Acquaintance with Swami Atmaram
R. B Sardar Jwalasahari


22 Dr. Hoernel's letters.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






## हिंदी विभाग


१ आत्मारामजी आर हिंदी भाषा
जसवंतराय जैनी—देहली

२ अर्हन्मतोद्धारक आचार्य आत्मारामजी
लक्ष्मण रघुनाथ भीडे—पुना साटी

३ अंबाला शहर ( पंजाब ) में संस्थापित संस्थाएं
ज्ञानदास जैन M. S. C., L. L. B.

४ क्यों कर न गाये यश उसीका क्यों न मन आंसु बहे
पंडित ईश्वरलाल जैन

५ पू. म. कांतिविजयजी का काव्य

६ मंत्रवादी श्रीमद् विजयानंदसूरि
यात श्री बालचंद्राचार्यजी

७ आचार्यदेव का स्मरण शशिभूषण शास्त्री

८ हम कहां है ? पंडित भागमल्ल


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



९ कुच्छ इधर–उधरकी
पं० ललितविजयजी

१० गुरुदेव स्मारक संस्थाएं ईश्वरलाल जैन

११ पल्लीवाल गच्छ पट्टावली
अगरचंद नाहटा

१२ जैन समाज में शिक्षा और दीक्षा का स्थान

१३ गुरु विजयानंद काव्य श्री रामकुमार

१४ श्रीमद् विजयानंदसूरि तथा महर्षि दयानंद
श्रीपृथ्वीराज जैन

१५ प्राचीन मथुरा में जैन धर्म का वैभव
श्रीवासुदेव शरण

१६ अहिंसा और विश्वशांति श्री दरबारीलाल जैन

१७ गुणाकरसूरिकृत श्रावकविधि रास
श्री मोहनलाल दलीचंद देशाई

१८ स्वर्गवासी गुरु महाराज का अपूर्ण रहा हुआ अंतिम ध्येय
बनारसीदास जैन M. A.

१९ जैन धर्मको विशालता
ब्रह्मचारी शीतलप्रसादजी

२० एक जैन वीर श्रीकृष्णलाल वर्मा

२१ षोडशदलकमलबन्धबन्धुरं श्री विजयानंदसूरीश्वरस्तवनम्
श्री देवविजय

२२ कल्याणमन्दिरस्तवचरणपूतिरूपं श्री विजयानन्द सूरीश्वरस्तवनम्
चतुरविजय

२३ जैन विद्वांस संस्कृत साहित्यं
मंगलदेव शास्त्री

२४ परमपूज्य मुनिश्री आत्मारामजी तथा चिकागो सर्वधर्म परिषद्
सुंदरलाल जैन

२५ मंगलमूर्ति महावीर उदयशंकर भट्ट

२६ श्रद्धांजलि मुनि ज्ञानविजय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. फाल्गुन आत्म सं. ४०. { अंक ८ मो.

## શ્રી અરિહંતદેવની આરતિ.

( જય દેવ જય દેવ–એ ઢબમાં )

જગત–ગુરૂ જગનાથ, જગજન–ઉપકારી ( પ્રભુ૦ ૨ )
ઋષભ જિનેશ્વર પ્યારા (૨), જગજન–હિત–કારી.
જયો જયો મહા–જગ–દેવો ૧
શરણા–ગત–આધાર, ધર્મ–પ્રાણ–ધારી ( પ્રભુ૦ ૨ )
શાંતિ જિનેશ્વર પ્યારા (૨), સેવક–દુઃખ–વારી. જયો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ-દયા-પ્રતિપાળ, શીલ-સનાહુ-ધારી ( પ્રભુ૦ ૨; )
નેમી જિનેશ્વર પ્યારા (૨), ત્રિભુવન-જય-કારી. જયો૦ ૩

તારણુ-તરણુ-જહાજ, અપૂર્વ-ચમત્-કારી ( પ્રભુ૦ ૨ )
પાર્શ્વ જિનેશ્વર પ્યારા (૨), આતમ-ગુણુ-ધારી. જયો૦ ૪

જગત-પિતા ભગવાન્, સમતા-ગુણુ-ધારી ( પ્રભુ૦ ૨ )
વીર જિનેશ્વર પ્યારા (૨), મોહ-રિપુ-વારી જયો૦ ૫

વદન-પુનમ-ચંદા, **બાલ**-કલંક-હારી ( પ્રભુ૦ ૨ )
ચોવીશ જિનેશ્વર પ્યારા (૨), આરતિ સુખ-કારી. જયો૦ ૬

મુનિરાજ શ્રીબાલચંદ્રજી

# શ્રી અરિહંતદેવનો મંગળદીવો.

( ભલું થયું ને અમે પ્રભુ ગુણ ગાયા-એ ઢબમાં )

મન-મંદિરમાં દીપક કરવા, શિવ-સુંદરીને વરવા રે;
મંગળ-દીપક પ્રભુજીની આગળ, કેવલ-રત્નને શોધવા રે.
ભલું થયું ને ઘેર પ્રભુજી પધાર્યા, ધન્ય ધન્ય દિવસ આજનો રે. ભલું૦ ૧
વિવેક-થી દ્રવ્યદીપક કરતાં, દ્રવ્ય-તિમિર દુઃખ જાય રે;
ભાવ-દીપક પ્રગટ થતાં, ભાવ-તિમિર દૂર થાય રે. ભલું૦ ૨
તેણે કારણુ મંગળ-દીપક, પાપ-પતંગ પડંત રે;
આશય શુદ્ધથી જિનને પૂજતાં, મોહ-ભુજંગ ભગંત રે. ભલું૦ ૩
જિનને પૂજતાં જિન થવાય, ભાવના સિદ્ધિ હોય રે;
એકને જીતતાં સર્વ જીતાય, શૂરવીર તે જગ હોય રે. ભલું૦ ૪
અમ્હ ઘર મંગળ સબઘર મંગળ, હોજો મંગળ માળ રે;
બાલ-ચંદ્ર પ્રભુ! આપો સેવકને, નિષ્કામ-ભક્તિ વિશાળ રે ભલું૦ ૫

મુનિરાજ શ્રીબાલચંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીતરાગસ્તવ ભાષાનુવાદ.

## આઠમો પ્રકાશ.

## ‘ એકાંતવાદ–ખંડન : : અનેકાંત–મંડન ’

### દોહરા

વસ્તુ નિત્ય એકાંત તો, અકૃતાગમ[1] કૃતનાશ;
જો એકાંત અનિત્ય તો, અકૃતાગમ કૃતનાશ. ૧
આત્મ નિત્ય એકાંત તો, ના સુખ–દુઃખનો* ભોગ;
વળી એકાંત અનિત્ય તો, ના સુખ-દુઃખનો ભોગ. ૨

૧. પોતે નહિં કરેલા અને બીજાએ કરેલા એવા કર્મની પ્રાપ્તિ–ફલભોગ તે અકૃતાગમ દોષ; પોતે કરેલા કર્મનો નાશ–ફલ નહિં ભોગવવાપણું તે કૃતનાશ દોષ.

વસ્તુ જો એકાંત નિત્ય માનીએ અથવા એકાંત અનિત્ય માનીએ તો આ બન્ને દોષની પ્રાપ્તિ થાય છે.

* **સરખાવો:—नैकान्तवादे सुखदुःखभोगौ न पुण्यपापे न च बंधमोक्षौ ।**
**दुर्नीतिवादव्यसनासिनैवं परैर्विलुप्तं जगदप्यशेषम् ॥**

**अन्ययोगव्यव० द्वात्रिंशिका श्लो० २७.**

**ભાવાર્થ**:–વસ્તુ એકાંત નિત્ય માનીએ, અથવા એકાંત અનિત્ય માનીએ તો નથી સુખ–દુ:ખનો ભોગ ઘટતો, નથી પુણ્ય–પાપ ઘટતા અને નથી બંધ–મોક્ષ ઘટતા. તે આ પ્રકારે:—

૧. **अ)** એકાંતે નિત્ય આત્મામાં, સુખ–દુ:ખનો ભોગ ઉપયુક્ત નથી, કારણ કે ‘ **अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपत्वम्** ’—અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિરએકરૂપપણું એ નિત્યનું લક્ષણ છે ( એકાંતવાદીના મતે ); તેથી જ્યારે આત્મા સુખ અનુભવીને સ્વકારણ-વશે દુ:ખ અનુભવે છે ત્યારે સ્વભાવભેદને લઇ અનિત્યત્વની આપત્તિ થતાં સ્થિર–એકરૂપતાનો હાનિપ્રસંગ સાંપડે છે. એમ દુ:ખ અનુભવી સુખ ભોગવતાં પણ જાણવું.

(**ब**) સુખ–દુ:ખ ભોગ પુણ્ય–પાપથી સંપજે છે, અને તેનું સંપાદન અર્થક્રિયા છે; પણ તે અર્થક્રિયા કૂટસ્થનિત્યમાં ક્રમથી વા અક્રમથી ઘટતી નથી.

( **क** ) બંધ એટલે કર્મપુદ્ગલો સાથે પ્રતિપ્રદેશે આત્માનો અગ્નિ અને લોહ-પિંડ જેમ અન્યોન્ય સંશ્લેષ; અને મોક્ષ એટલે સર્વ કર્મનો ક્ષય ( **कृत्स्नकर्मक्षयो मोक्षः–तत्त्वार्थसूत्र** ); તે બન્ને એકાંત નિત્યમાં ઘટે નહિ, કારણ ‘ **अप्राप्तानां प्राप्तिः** ’ અપ્રાપ્તની પ્રાપ્તિ, એ બંધનું લક્ષણ છે. હવે પૂર્વકાલની અપ્રાપ્તિ–અમિલન એ અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન નિત્ય એકાંતિક મતે, બંધ મોક્ષ પુન-પાપ;
ન અનિત એકાંતિક મતે, બંધ મોક્ષ પુન-પાપ. ૩

ક્રમ અક્રમથી નિત્યની, અર્થક્રિયા[2] નહિં યુક્ત;
ત્યમ એકાંતે ક્ષણિકમાં, અર્થક્રિયા નહિં યુક્ત. ૪

નિત્ય[3] અનિત્ય સ્વરૂપતા, જ્યારે વસ્તુની હોય;
જેમ ભાખી ભગવાન્! તમે,—ત્યારે દોષ ન કોય. ૫

---

અવસ્થા છે, અને ઉત્તરકાલની પ્રાપ્તિ એ અન્ય અવસ્થા છે. આમ અવસ્થાભેદરૂપ દોષથી નિત્યત્વને બાધ આવે છે. અને આમ બંધવિકલતાથી આત્મા ગગનવત્ નિત્ય મુક્ત જ થાય, અને તેથી જગત્માં બંધ-મોક્ષ વ્યવસ્થા છિન્નભિન્ન થઇ જાય. વળી બંધની અનુપપત્તિ થતાં મોક્ષની પણ અનુપપત્તિ થાય, કારણ કે બંધનવિચ્છેદના પર્યાયરૂપે જ 'મુક્તિ' શબ્દ છે.

૨ (अ) અનિત્ય એટલે અત્યંત ઉચ્છેદ ધર્મવંત; અને તેવો આત્મા હોતાં પુણ્યોપાદન ક્રિયા કરનારના નિરન્વય-નિઃસંતાન વિનષ્ટપણાને લઇ તેના ફલભૂત અનુભવ કોને થાય વારુ? એ જ પ્રકારે પાપોપાદાન ક્રિયા કરનારનો નિરન્વય નાશ થયે દુઃખસંવેદન કોને થાય? અને આમ એક ક્રિયા કરે અને બીજો તેના ફલનો ભોક્તા થાય! એ તો અયુક્ત થયું.

(ब) તથા પુણ્ય-પાપ ઘટે નહિ, કારણ કે પુણ્ય-પાપની અર્થક્રિયા સુખ-દુઃખનો ભોગ છે, અને તેનું અયુક્તપણું તો ઉપર કહ્યું; એટલે અર્થક્રિયાકારીપણાના અભાવને લઇ પુણ્ય-પાપ પણ ઘટતાં નથી.

(क) અનિત્ય એટલે ક્ષણમાત્ર સ્થાયી-ક્ષણિકમાં બંધ-મોક્ષનો પણ અસંભવ છે, કારણ કે લોકમાં પણ બંધાયેલો જ મૂકાય છે; અને નિરન્વય-[ સંતાનરહિત ] નાશ માનવામાં આવ્યે, એક અધિકરણનો અભાવ થાય છે; માટે બંધ-મોક્ષની સંભાવના માત્ર પણ અત્રે ક્યાંથી થાય?

વિસ્તાર માટે જુઓ **સ્યાદ્વાદમંજરી** શ્લો૦ ૨૭ વિવરણ.

૨ અર્થક્રિયાકારીપણું એ વસ્તુનું લક્ષણ છે અને તે એકાંત નિત્ય અથવા એકાંત અનિત્યપક્ષમાં કોઇ પણ પ્રકારે ઘટતું નથી.

વિસ્તાર માટે જુઓ સ્યા. મં. શ્લોક ૫ નું વિવરણ.

૩ પરંતુ જેમ શ્રી વીતરાગદેવે પ્રકાશ્યું છે તેમ જો વસ્તુનું નિત્ય-અનિત્ય સ્વરૂપ સ્વીકારીએ તો કોઇ પણ દોષ સંભવતો નથી.

નિત્યની જૈન વ્યાખ્યા આ છે-'तद्भावाव्ययं नित्यं'। (તત્ત્વાર્થસૂત્ર)

અર્થાત્ ઉત્પાદ-વિનાશનો સદ્ભાવ છતાં અન્વયીરૂપ તે વસ્તુના ભાવથી જે હીન-રહિત ન થાય તે નિત્ય; આગલા પર્યાયનો નાશ થાય અને નવા પર્યાયનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોળ[૪] ખરે ! કફ હેતુ છે, ને સુંઠ પિત્ત-નિમિત્ત;
તેહ ઉભયમય ઔષધે, છે નહિં દોષ કવચિત્ ૬
સત્ પ્રમાણુથી ઉભય તે, એક સ્થળે ન વિરૂદ્ધ;
મેચકાદિ વસ્તુ વિષે, દષ્ટ જ વર્ણ વિરૂદ્ધ. ૭

અનુષ્ટુપ્—

એક *વિજ્ઞાન આકાર, નાના આકાર જે ગણે;
એવો તથાગત[૫] પ્રાજ્ઞ, ન અનેકાંતને હણે. ૮

ઉદ્ભવ થાય છતાં મૂળ વસ્તુ–દ્રવ્ય તો સર્વત્ર કાયમ જ રહે. દાખલા તરીકે–મનુષ્યમાંથી દેવપણે ઉપજે ત્યારે મનુષ્યપર્યાયનો નાશ થયો અને દેવપર્યાયનો ઉત્પાદ થયો, પરંતુ આત્મરૂપ મૂળ દ્રવ્ય તો સર્વત્ર અનુગામી રહ્યું. આમ વસ્તુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. કહ્યું છે કે–

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાલાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય"

શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિ.

૪ અત્રે દ્રષ્ટાંત આપે છે કે-ગોળ કફ કરે છે અને સુંઠ પિત્ત ઉપજાવે છે; પણ તે બન્નેના મિશ્રણથી એવો કોઇ દોષ સંભવતો નથી. તે જ પ્રકારે નિત્યાનિત્ય ધર્મવાળી વસ્તુમાં કોઇ દોષ ઉદ્ભવતો નથી, કારણ કે તે નિત્ય–અનિત્ય ધર્મ ભિન્ન નયવિવક્ષાએ સત્ પ્રમાણપૂર્વક ગ્રહણ કરવામાં આવ્યા છે, માટે એક સ્થળે તે વિરોધીધર્મ વિરુદ્ધ નથી. અત્રે તે માટે બીજું દ્રષ્ટાંત મેચકનું આપે છે. મેચક એટલે પંચ વર્ણાત્મક રત્નમાં જેમ વિરુદ્ધ વર્ણનો સંયોગ દેખાય છે તેમ. 'पञ्चवर्णात्मकं रत्नं मेचकम्' [ સપ્તભંગીતરંગિણી ]. ત્રીજું દૃષ્ટાંત નરસિંહનું પણ અપાય છે:--

"भागे सिंहो नरो भागे योऽर्थो भागद्वयात्मकः ।
तमभागं विभागेन नरसिंहं प्रचक्षते ॥"

* ઉપરમાં એકાંતવાદનું ખંડન અને અનેકાંતવાદનું મંડન કર્યું; પણ અનેકાંતવાદનું ખંડન તો કોઇ પણ અન્ય દર્શનીથી થઇ શકે એમ નથી એ અત્ર પ્રતિપાદન કરે છે; કારણ કે અન્ય દર્શનીઓને પણ એક યા બીજી રીતે અનેકાંતવાદનો સ્વીકાર કરવો જ પડ્યો છે. કહ્યું છે કે:–

"वस्तुतस्तु अनेकांतप्रक्रियायां सर्वेषां प्रवादिनामपि प्रतिपत्तिरेव । एकानेकात्मकस्य वस्तुनः सर्वसम्मतत्वात् ॥"

વિમલદાસપ્રણીત સપ્તભંગીતરંગિણી.

૫ એક વિજ્ઞાન આકારને જે નાના આકારરૂપ માન્ય કરે છે એવો બૌદ્ધ પ્રાજ્ઞ અનેકાંતને હણે નહિં–ખંડિત કરી શકે નહિ: એક-અનેક રૂપને જે પ્રમાણ ગણે છે એવો નૈયાયિક અને વૈશેષિક અનેકાંતનું ખંડન કરી શકે નહિં; સત્ત્વ–રજસ્–તમસ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્ર અનેક ને એક,—રૂપ પ્રમાણ જે ભણે;
તે વૈશેષિક નૈયાયી', ન અનેકાંતને હણે. ૯

સત્ત્વ આદિક વિરૂદ્ધ, ગુણો યુક્ત પ્રધાનને;
ઇચ્છતો સાંખ્ય વિદ્વાન, ન અનેકાંતને હણે. ૧૦

નથી ચાર્વાકની જોતી, વિમતિ ત્યમ સંમતિ;
આત્મા–પરભવે મોક્ષે, જેની મુંઝાય છે મતિ. ૧૧

( તેથી )
ઉત્પાદ[૬] વ્યય ને સ્થૈર્ય, યુક્ત સત્ ગોરસાદિવત્;
ભગવાન્ ! તેં પ્રબોધેલું, સ્વીકારે જન બુદ્ધિમત્. ૧૨

**इति अष्टमः प्रकाशः**

**—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

---

આદિ વિરુદ્ધ ગુણોથી યુક્ત એવા પ્રધાન દ્રવ્યને સ્વીકારતો સાંખ્ય વિદ્વાન અનેકાંતને લોપી શકે નહિ; અને ચાર્વાકની તો અમારે સંમતિ--અનુમતિ પણ નથી જોઇતી ! અને વિમતિ–વિરુદ્ધ મતિ પણ નથી જોઇતી ! કારણ કે આત્મા, પરલોક, પુણ્ય–પાપ, બંધ–મોક્ષ આદિ વિષયમાં એ બાપડાની મતિ જ મુંઝાઇ ગઇ છે, એટલે એની પાસેથી શી આશા રાખી શકાય ?

૬. આમ યુક્તિપૂર્વક એકાંતખંડન અને અનેકાંતમંડન કરી છેવટ શ્રીમાન્ સ્તોત્રકાર ઉપસંહાર કરે છે કે:—જે બુદ્ધિમાન્ હોય તે તો હે ભગવાન્ ! તેં ઉપદેશ્યા પ્રમાણે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળું સત્ સ્વરૂપ સ્વીકારે. અત્રે ગોરસ, સુવર્ણ, ઘટ, આત્મા આદિ દૃષ્ટાંત જાણવા. જેમકે સોનાનું કડું ભાગીને કુંડલ બનાવવામાં આવે, તો તેમાં કડારૂપ પર્યાયનો વ્યય અર્થાત્ નાશ થયો, કુંડલરૂપ પર્યાયનો ઉત્પાદ-જન્મ થયો, અને સુવર્ણ વસ્તુ તો બન્ને સ્થળે ધ્રુવ--નિશ્ચલ રહી. અથવા સુવર્ણનો ઘટ ભાંગી મુકુટ બનાવવામાં આવે તો ઘટનો નાશ, મુકુટનો ઉત્પાદ અને સુવર્ણ-દ્રવ્યનું ધ્રૌવ્ય–ધ્રુવપણું જાણવું. કહ્યું છે કે:—

" कुम्भमौलिसुवर्णेषु व्ययोत्पत्तिस्थिरात्मसु ।
दुःखहर्षोपयुक्तेषु हेमत्वं निश्चलं त्रिषुः ॥ "

**શ્રી ભોજકવિકૃત દ્રવ્યાનુયોગતર્કણા, અ૦ ૯ શ્લો૦ ૩.**

" घटमौलिसुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम् ।
शोकप्रमोदमाध्यस्थं जनो याति सहेतुकम् ॥
पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे तस्माद् वस्तु त्रयात्मकम् ॥ "

**શ્રીમાન્ સમંતભદ્રાચાર્યકૃત આપ્તમીમાંસા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## જૈન દર્શનની દૃષ્ટિએ.

### પ્રકરણ ૨ જું.

( ગતાંક છઠ્ઠાના પૃષ્ઠ ૧૩૨ થી શરૂ )

વિશ્વમાં આત્માઓની સંખ્યાના સંબંધમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્ત્તે છે. વેદાન્તની માન્યતા વિશ્વમાં એક જ આત્મા છે એવો સિદ્ધાન્ત જગત સમક્ષ રજુ કરે છે. ચેતના સર્વ સામાન્ય હોવાથી ચેતના વસ્તુતઃ એક જ છે તે જ પ્રમાણે સર્વ આત્માઓમાં એક સરખી ચેતના હોવાથી વસ્તુતઃ એક જ આત્મા છે એવા મતનો વેદાન્ત પુરસ્કાર કરે છે. ચેતના એ જ એક ખરો આત્મા છે એમ વેદાન્તીઓ સ્પષ્ટ રીતે માને છે. વિશ્વ અને સ્વપ્ન વચ્ચે વેદાન્તીઓને સંપૂર્ણ સામ્ય જણાય છે. સ્વપ્નમાં નિરખેલાં પ્રાણીઓને આત્મા ન માની શકાય તે જ પ્રમાણે વિશ્વનાં માયારૂપ સ્વપ્નમાં દૃશ્યમાન થતાં વિવિધ પ્રાણીઓને આત્માઓ ન માની શકાય એવો એક મહત્ત્વનો મુદ્દો વેદાન્તીઓ અવારનવાર ઉપસ્થિત કરે છે. એ મુદ્દાથી આત્માઓનાં બાહુલ્યના પ્રશ્નનું વેદાન્તીઓ નિરસન કરે છે. સ્વપ્નમાં દૃશ્યમાન થતાં પ્રાણીઓનો તત્ત્વતઃ સ્વીકાર નથી થતો. સ્વપ્ન પૂરૂં થતાં દૃષ્ટ થયેલી વસ્તુઓ અને પ્રાણીઓનો લય થાય છે. બધું જાણે કે શૂન્યવત્ ભાસે છે. સ્વપ્નદૃષ્ટાનો આત્મા જ વિદ્યમાન રહે છે. ચેતનાની જાગૃત સ્થિતિમાં, આ જ પ્રમાણે વિશ્વમાં વસ્તુતઃ એક જ આત્મા છે એમ વેદાન્ત કહે છે. ચેતના અનંત છે, પરમાત્મા એક છે એવું વેદાન્તનું સ્પષ્ટ મંતવ્ય છે. પરમાત્મા વિશ્વની અંદર અને વિશ્વની બહાર સર્વત્ર વ્યાપી રહેલ છે અને તેથી બીજા કોઇ પરમાત્માને વિશ્વમાં સ્થાન નથી એવો નિર્દેશ વેદાન્ત કરે છે. સ્વામી વિવેકાનંદે વેદાન્તના પ્રસ્તુત મંતવ્યનું સમર્થન કરતાં યથાર્થ જ જણાવ્યું છે કેઃ—

" વિશ્વમાં એક જ આત્મા છે. તેનું આગમન કે ગમન નથી થતું આત્માને પુનર્જન્મ કે મૃત્યુ પણ ન જ હોય. આત્માનો પુનર્જન્મ કેવી રીતે સંભવે ? આત્માનું મૃત્યુ કેમ થઈ શકે ? મૃત્યુ થાય તો આત્મા કયાં જાય ?"

પ્રત્યેક ચિત્તમાં ભિન્ન ભિન્ન વિચારો હોય છે. એવી ઉપપત્તિનો પુરસ્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી દરેક ચિત્ત એક ભિન્ન આત્મા છે એવો મત કેટલીક દિશાએથી વ્યક્ત કરવામાં આવે છે. વેદાન્તને આ મત જરાય માન્ય નથી. જો તે ચિત્તના ભાવો ભલે ભિન્ન પ્રકારના હોય પણ સર્વ ચિત્તોનું સ્વરૂપ વસ્તુતઃ એક જ પ્રકારનું છે એમ વેદાન્ત કહે છે. ચેતના સર્વ ચિત્તોમાં એક સરખી વ્યાપક છે, દરેક ચિત્તમાં એક જ પ્રકારની ચેતના વર્તે છે એવો વેદાન્તનો સ્પષ્ટ નિર્દેશ છે. સ્વપ્નમાં પણ ભિન્ન ભિન્ન ચિત્તોના ભાવો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે, પણ સ્વપ્નમાંમી જાગૃત થતાં ચિત્તોના ભાવોની વિભિન્નતા સર્વથા ભ્રમરૂપ લાગે છે અને સ્વપ્નદ્રષ્ટાનું ચિત્ત સ્વપ્નમાં નિરખેલાં અનેકવિધ ચિત્તોનું ચેતનાસ્પદ પ્રતીત થાય છે એવાં મંતવ્યની પ્રતિપત્તિ વેદાન્ત કરે છે.

સૂક્ષ્મ શરીર એ આત્મા છે અને તેનો પુનર્જન્મ થયા કરે છે એવું વેદાન્તનું વિધાન છે. સૂક્ષ્મ શરીરમાં સ્વયંચેતના ન હોવાથી ચેતનાનો પ્રકાશ તે વિશ્વવ્યાપી ચૈતન્યમાંથી પ્રાપ્ત કરે છે એવી વેદાન્તની માન્યતા છે.

વેદાન્ત અદ્વૈતમતવાદનો પુરસ્કાર આ રીતે કરે છે. દૃષ્ટા અને દ્રશ્ય વસ્તુઓ વચ્ચેનો દ્વૈતભાવ વેદાન્ત નિર્મૂળ કરે છે દ્રશ્ય વસ્તુઓ માયારૂપ ગણી વેદાન્ત આત્માઓની એકતા પ્રતિપાદિત કરે છે. ચેતના સર્વવ્યાપી, શાસ્વત અને અપરિવર્ત્તનશીલ છે અને બ્રહ્મસિવાબીજું કશુંયે નથી (एको ब्रह्म द्वितीयो नास्ति) એવું વેદાન્તનું પરમ મંતવ્ય છે.

પ્રત્યેક આત્મામાં એક રૂપે પ્રવર્ત્તતી ચેતનાનાં સ્વરૂપ ઉપર બ્રહ્મની અભેદ્યતા નિર્ભર રહે છે. ચેતનાનો વિનાશ કોઈ કાળે થાય એ સર્વથા અસંભવ્ય છે. ચેતનામાં પરિવર્ત્તન થાય એ પણ શક્ય નથી. જાગૃત અવસ્થા, સ્વપ્નદશા કે ગાઢ નિદ્રામાં ચેતના અખંડ પણે પ્રવર્ત્તે છે. કેટલાક તત્ત્વજ્ઞો ‘ તુરીયા ’ નામક એક ઉચ્ચ પ્રતિની ચેતનાનાં અસ્તિત્વનો પણ સ્વીકાર કરે છે.

વેદાન્તનો અદ્વૈતમતવાદ માયાવાદનું પ્રતિપાદન કરનારાં સર્વ પ્રકારનાં ધર્મ-મંતવ્યોને ઓછે-વત્તે અંશે અનુરૂપ થઈ પડે છે. અદ્વૈતવાદ એક યા બીજી રીતે માયાવાદનો સ્વીકાર કરનાર તત્વજ્ઞાનોને એકરૂપ થાય છે.

મુસ્લીમ માયાવાદનો ‘ હમા આઉસ્ત ’ ( તે જ સર્વ છે ) નો સિદ્ધાન્ત અદ્વૈતવાદનું અનુકરણ છે. આત્માની એકતા એ આ સિદ્ધાન્તનું પરમ ધ્યેય છે.

બ્રહ્મ સિવાય બધુંયે માયારૂપ છે એ સિદ્ધાન્ત પ્રથમ દૃષ્ટિએ સ્વયમેવ અસંગત લાગે છે. માયાનું અસ્તિત્વ છે કે નહિ ? એવો પ્રશ્ન આ સંબંધમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહજિક રીતે ઉપસ્થિત થાય છે. કોઇ વસ્તુનું એકી સાથે અસ્તિત્વ અને અનસ્તિત્વ ન જ સંભવી શકે. માયાનાં અસ્તિત્વનો સ્વીકાર કરતાં અદ્વૈતમતવાદ સર્વથા નિર્મૂળ થાય છે. માયાવાદનું અનસ્તિત્વ સ્વીકારતાં માયાનું નિરીક્ષણ અશક્યવત્ બને છે. વેદાન્ત આ રીતે અદ્વૈતમતવાદના સંબંધમાં યથાયોગ્ય સમાધાન નથી કરી શકતું.

મુસ્લીમોની માયાવાદના સિદ્ધાન્તથી સત્યનો આવિષ્કાર નથી થઇ શકતો. એ સિદ્ધાન્ત જડવાદ જેવો જ અપાયકારી થઈ પડે છે. એ સિદ્ધાન્ત માન્ય રાખતાં આત્મા સ્વદૃષ્ટા બને છે. અને સ્વપ્નરૂપ વિશ્વના સર્વ પ્રાણીઓ કલ્પનાનાં ભૂત રૂપ પરિણમે છે. આ સિદ્ધાન્તથી આત્મા સત્ય તત્ત્વનાં પરાવર્ત્તનરૂપ સિદ્ધ થાય છે. એ રીતે પરાવર્ત્તનરૂપ આત્મા કે વ્યક્તિનો નાશ સંભવે છે. આ પ્રકારના નાશથી આત્માને શો આનંદ થઇ શકે એ કલ્પનાતીત થઇ પડે છે. વસ્તુના અમુક ગુણોનું ચિત્તથી નિઃસારણ કરતાં વસ્તુનું અનસ્તિત્વ સંભાવ્ય નથી. આથી મુસ્લીમ માયાવાદનો આ સિદ્ધાન્ત ગમે તેવો મોહક લાગે પણ તે અયુક્તિક ઠરે છે. ‘ સર્વ ’ શબ્દ એવો છે કે જેમાં ચેતન તેમજ અચેતનનો પણ સમાવેશ થઈ શકે. જગત્‌ને ચિત્ત અને ભૌતિક પદાર્થોરૂપ કે માત્ર ચેતનારૂપ ગણતાં દ્વૈતવાદ પરિણમે છે. ચિત્તના ભિન્નભિન્ન ભાવો અને ચેતનાની જુદી જુદી દશાઓ એ વસ્તુતઃ ચેતના નથી. ચિત્તના ભાવો અને ચેતનાની ભિન્ન ભિન્ન દશાઓ એ વસ્તુતઃ ચેતનાથી વિભિન્ન છે. ચિત્તના ભાવો તેમજ ચેતનાની દશાઓમાં સ્વયમેવ બુદ્ધિ અને જ્ઞાન, સ્મૃતિ–શક્તિ તેમ જ સુખદુઃખનો અનુભવ કરવાની શક્તિ પ્રવર્તે છે એમ અદ્યાપિ સિદ્ધ નથી થયું. ચિત્તના ભાવો અને ચેતનાની વિવિધ દશાઓમાં બુદ્ધિ આદિનું અસ્તિત્વ સિદ્ધ થયા વિના ચિત્તના ભાવો અને ચેતનાની દશાઓ ચેતનાથી અભિન્ન છે એમ માની શકાય નહિ. વળી વિશ્વ અને સ્વપ્નની સામ્યતા સર્વથા સંભવી શકતી નથી. સ્વપ્ન અને વિશ્વની સામ્યતા હોય પણ ખરી અને ન પણ હોય. સ્વપ્નના ભાવોનાં નાટ્યકાર્યમાં ચેતના નથી હોતી. આથી જ સ્વપ્નદૃષ્ટા જાગૃત થતાં સ્વપ્નમાં થયેલા ભાવો તેમજ સ્વપ્નમાં નિરખેલાં દ્રશ્યોનું તેને સ્મરણ થાય છે, પણ સ્વપ્નમાં નિરખેલા પ્રાણીઓના મનોભાવનું તેને કશુંયે જ્ઞાન હોતું નથી. જો સ્વપ્ન દ્રષ્ટાનું ચિત્ત એ પ્રાણીઓનાં શરીરમાં પ્રવેશી શકતું હોય, જો સ્વપ્નદૃષ્ટાથી તેમને ચિત્તનું બળ અર્પી શકાતું હોય, અને સ્વપ્નમાં દ્રષ્ટ થતાં પ્રાણીઓ વસ્તુતઃ અસ્તિત્વમાન બની શકતા હોય તો એ પ્રાણીઓને ચેતનાના જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

લે૦ શ્રી. સુશીલ

## જૈનો અને આર્યો:—

શ્રી. હરપ્રસાદ શાસ્ત્રીએ એક વાર એવી મતલબનું લખ્યું હતું કે: " બૌદ્ધધર્મ તેમજ જૈનધર્મને આર્યધર્મ સાથે કઇ સંબંધ નથી. બૌદ્ધ તેમજ જૈનધર્મ આર્યધર્મ નથી. સાંખ્ય મત પણ આર્યમત નથી. "

શ્રી. વિધુશેખર શાસ્ત્રીએ એનો વિરોધ કર્યો. તે ઉપરાંત શ્રી. પંચાનન તર્કરત્ન અને શ્રી. પંચાનનસ્મૃતિતીર્થ તેમજ શ્રી. રમાપ્રસાદ ચદે પણ શ્રી હરપ્રસાદ શાસ્ત્રીજીના મંતવ્યનું ખંડન કરવા પોતાની કલમ ચલાવી.

શ્રી. વિધુશેખર શાસ્ત્રીજી કહે છે કે બૌદ્ધ તથા જૈનધર્મના બ્હારના આવરણ માત્ર અવલોકનારને ઘડીભર, શ્રી. હરપ્રસાદજીના જેવો ભ્રમ થઈ આવે, પરંતુ જેઓ જરા ઊંડા ઉતરીને જુએ છે તેમને જૈનધર્મ તથા બૌદ્ધધર્મ પણ આર્યધર્મના જ અંગ છે એમ લાગ્યા વિના ન રહે. તાત્વિક દૃષ્ટિએ—

---

જુદા અનુભવો જરૂર થાય. એ પ્રાણીઓને જે વિવિધ પ્રકારના મનોભાવ આદિ થાય તેથી સ્વપ્નદ્રષ્ટા અજ્ઞાત ન રહે એ પણ સ્પષ્ટ છે. સ્વપ્નદૃષ્ટાની બુદ્ધિથી નિષ્પન્ન થતા વિચારોરૂપી નાટયમાં, સ્વપ્નમાં દ્રશ્યમાન થતા વિવિધ પ્રાણીઓ પોતાનું કામ કરે છે અર્થાત્ પોતાનો પાર્ટ ભજવે છે. એ પ્રાણીઓને પોતાનું અસ્તિત્વ નથી એમાં કંઇ શંકા નથી. સ્વપ્નમાં દ્રશ્ય થતા પ્રાણીઓ ×અચેતન છે. એ પ્રાણીઓની તુલના મનુષ્ય સાથે ન થઇ શકે.

---

× જીવન અને સત્ય તત્ત્વના સંબંધમાં આપણા વિચારોનું પરિવર્ત્તન થાય એવું સ્વપ્નમાં કંઈ પણ નથી. સ્વપ્નનું કોઇ પણ સ્વરૂપ એવું નથી જેથી જીવન આદિના વિચારોમાં પરિવર્ત્તન થઈ શકે. ભ્રમયુક્ત જાગૃત સ્થિતિ અને સ્વપ્નાવસ્થામાં કોઇ મહત્ત્વનું અંતર નથી. મનોભાવ પ્રદીપ્ત થાય, ઉગ્ર બને એ સ્થિતિમાં માનસિક પ્રતિકૃતિઓ મૂર્ત્તિમંત થાય છે. દા. ત. કોઇ જુલ્મી રાજા પોતાના શત્રુના પરાજયથી આનંદ પામે છે અને આવેશ યુક્ત સ્થિતિમાં તે પોતાના શત્રુની ભયભીત સ્થિતિ, સંક્ષોભ અને અનાથદશાનું નિરીક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનશાસ્ત્રની દૃષ્ટિએ, શ્રી વિધુશેખર શાસ્ત્રીજીએ જૈનધર્મની આર્યતા પ્રતિપાદન કરવા જે પ્રમાણો તથા યુક્તિઓ ઉદ્ધૃત કરી છે તે તેમના ગંભીર અભ્યાસ અને જૈનદર્શન સંબંધેની એમની ઊંડી સહાનુભૂતિની પ્રતીતિ આપે છે.

" બૌદ્ધોનો ભિક્ષુધર્મ તથા જૈનોનો યતિધર્મ એ બન્ને આર્ય છે એટલું જ નહીં પણ વધુ સ્પષ્ટ શબ્દોમાં કહું તો વેદપંથીઓ જે ત્રણ આશ્રમો માને છે, બ્રહ્મચર્ય વાનપ્રસ્થ–ને સંન્યાસ–તેના જ આદર્શે મુખ્ય નિયમો તથા આચારો વિગેરે યોજાયેલા છે. દેશ–કાલ આદિની અનુકૂળતા પ્રમાણે જૈનોને થોડો ફેરફાર કરવો પડ્યો હોય એ જુદી વાત. "

શ્રી. વિધુશેખર શાસ્ત્રીજીના વિવેચનનો એ એક મુખ્ય સિદ્ધાંત છે: જૈનધર્મની આર્યતા સાબીત કરવા, જૈનધર્મ અને આર્યધર્મની તુલના આવશ્યક હોવાથી તેઓ યતિધર્મ અને ગૃહસ્થધર્મના મહાવ્રત તથા અણુવ્રતની ચર્ચા અનુક્રમે કરે છે. જૈનદર્શનના યતિધર્મના સંબંધમાં જો કોઇ એમ માનતું હોય કે દિગંબર જૈન સાધુઓ નગ્ન રહે છે તેથી તે અનાર્યધર્મ છે તો તેનું નિરાકરણ કરતાં શ્રી શાસ્ત્રીજી કહે છેઃ

" વેદપંથીઓના પરિવ્રાજકો પણ નગ્ન રહેતા. આપસ્તંબધર્મસૂત્રમાં (૨. ૯. ૨૧. ૧૧–૧૨) કહ્યું છે:—

" **तस्य मुक्रमाच्छादनं विहितम् सर्वतः परिमोक्षमेके–** "

વૈખાનસ ધર્મપ્રશ્નમાં પણ ઉલ્લેખ છે કેઃ

**परमहंसा नाम...साम्बरा दिगम्बरा वा** ( ૧–૫ )

જૈનમાં શ્વેતાંબર સાધુઓ વસ્ત્ર રાખે છે. આચારાંગ સૂત્રમાં એનો ખાસ વિધિ છે. "

---

કરી શકે છે. આ જ પ્રમાણે ભૂતકાલીન સુખદ કે દુઃખદ અનુભવનું આપણે સ્મરણ કરીએ છીએ તે સમયે એ અનુભવનાં કારણભૂત સર્વ મનુષ્યો આપણી સમક્ષ અનુભવને અનુરૂપ સ્વરૂપમાં ખડા થાય છે. આ સંયોગોમાં વર્ત્તમાન પરિસ્થિતિનું પ્રાયઃ વિસ્મરણ થાય છે. કેટલીકવાર ભૂતકાલીન પરિસ્થિતિને અનુરૂપ કાર્યો પણ થઇ જાય છે. આ કાલ્પનિક સ્થિતિમાં ઘણીયે વાર સાહસિક અને અનિષ્ટ કાર્યો પણ બની જાય છે. એક રાજકન્યાની સાથે લગ્ન, તેને વિના કારણે પાદપ્રહાર કરવો એ આદિ પ્રસંગો અરેબીયન નાઇટસની એક વાર્તામાં એક મનુષ્યની સ્વપ્નદશાનું વર્ણન કરતાં આવે છે. આપણી સ્વપ્નદશા પણ એવી જ છે. એ સ્વપ્નદશામાં કોઇપણ પ્રકારનો વિશિષ્ટ ગુણ કે ખાસ અસ્તિત્વ (વ્યક્તિત્વ) સંભાવ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાધુઓ શરીરને સ્નાનથી શુદ્ધ કરતા નથી માટે અનાર્યધર્મમાંથી પ્રેરણા મળી હોય એમ ન કહી શકાય ? શ્રી. વિધુશેખર શાસ્ત્રી એનો જવાબ આપે છેઃ

" સ્નાનના નિષેધનું મૂળ બીજ વેદપંથીઓના બ્રહ્મચર્યવ્રતમાં મળે છે. એ જ બીજ જૈનધર્મમાં વટવૃક્ષનું રૂપ પામ્યું હોય એમ સંભવે છે. ગોભિલ ગૃહ્યસૂત્રમાં બ્રહ્મચારીના ધર્મ સંબંધે કહેવામાં આવ્યું છેઃ

" स्नानम्—"

પહેલાનાં સૂત્રથી ( ૧૬ ) ' वर्जेय ' પદની અનુવૃત્તિ આવે છે એટલે એ સૂત્રનો એવો અર્થ થાય છે કે સ્નાનનો ત્યાગ કરવો જોઇએ. ગૌતમ પણ કહે છેઃ

" वर्ज्जयेन् मधुमांस...स्नान दन्तधावनम् "

[ પાદટીકામાં શ્રી શાસ્ત્રીજી ઉમેરે છે કે કોઈ કોઈ સૂત્રગ્રંથોમાં થોડો ઘણો સ્નાનવિધિ વર્ણવ્યો છે. ( આપ–૧, ૧, ૨, ૩૦; બૌધા–૧, ૨, ૪૦–૪૧ ) પણ અહીં વ્યાખ્યા કરનારાઓએ સૂચવ્યું છે કે ખૂબ મોજ માણવાની ખાતર ન્હાવાનું નથી–એક ડૂબકી મારીને તરત નીકળી જવું–दण्डवत् प्लवनम् ]

સ્નાન નહીં કરવાની વાત આપસ્તંબધર્મસૂત્રમાં પણ છે. ( ૧. ૧. ૨. ૧૩ )

अंगानि न प्रक्षालयीत,

એના જ પ્રતિવિધાનમાં, એ પછીનું સૂત્ર કહે છેઃ અશુચિ લાગી હોય તો એટલો ભાગ ધોઈ નાખવો.

આર્યો શયન અર્થે પાટનો ઉપયોગ કરતા અને જૈન સાધુઓ તો ભૂમિ ઉપર જ સંથારો કરે છે, તે માટે શું તેઓને અનાર્ય ન કહી શકાય ? શ્રી. વિધુશેખર શાસ્ત્રીજી એની પણ ના પાડે છેઃ

" ખાસ વ્રતમાં ધર્મવિશેષે આર્યો પાટ ઉપર સૂવાનું મૂકી દેતા. ખાદિર–ગૃહ્યસૂત્રમાં બ્રહ્મચર્યપ્રકરણમાં ( ૨, ૧૦ ) કહ્યું છે કેઃ

अधः संवेशी–અર્થાત્ નીચે સૂઇ રહેવું.

ટીકાકાર રૂદ્રસ્કંદમાં લખે છેઃ પાટ વિગેરેનો નિષેધ કરવા માટે જ આ સૂત્ર છે. યાજ્ઞવલ્કયની ( ૧–૩૩ ) અપરાર્કટીકામાં યમને નામે નીચેના વચનો ઉતાર્યાં છેઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**खटवासनं च शयनम् वर्जयेत् दन्तधावनम्**
**स्वपेदेकः कुशेष्वेव......**

વસિષ્ઠ-ધર્મશાસ્ત્રમાં (૭-૧૧) માં કહ્યું છે- **खट्वाशयनदन्तप्रक्षालन ......वर्ज्जी.** વળી, પરિવ્રાજિક ધર્મમાં (એ જ ગ્રંથમાં ૧૦-૮) સ્થંડિલ-શાયીનો વિધિ છે."

એ બધો બ્હારનો વિધિ થયો. શ્રી શાસ્ત્રીજી હવે સ્હેજ ઊંડા ઉતરે છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રનો નિર્દેશ કરી, તેઓ જૈનોના પાંચ વ્રતની વાત કહે છે; જેમકેઃ **हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिव्रतम्–**

(૧) અહિંસા

(૨) સત્ય

(૩) અસ્તેય

(૪) અમૈથુન

(૫) અપરિગ્રહ (ત્યાગ-અનાસક્તિ)

બૌધાયન ધર્મસૂત્રમાં (૨. ૧૦. ૪૧) માં પણ બરાબર એ જ ક્રમ છે.

**अथेमानि व्रतानि भवन्ति–**

**( १ ) अहिंसा**

**( २ ) सत्यम्**

**( ३ ) अस्तैन्यम्**

**( ४ ) मैथुनस्य च वर्जनम्**

**( ५ ) त्याग इत्येवः**

પાતંજલ-યોગસૂત્રમાં (૨-૩૦) એની યમ નામક યોગાંગમાં ગણતરી કરવામાં આવી છે. **अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः**

જૈનધર્મે અહિંસાદિ વ્રતને બે ભાગમાં વહેંચ્યા છે. (૧) અણુવ્રત અને (૨) મહાવ્રત. આ અણુવ્રત અને મહાવ્રતનાં સ્વરૂપ આપણી જાણબ્હાર નથી તેથી એ સંબંધી વિવેચનો અહીં જતાં કરૂં છું. વેદપંથી ગ્રંથોમાં આ મહાવ્રતો ઉલ્લેખાયા છે. શ્રી. વિધુશેખરશાસ્ત્રી એની યાદ આપે છેઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગસૂત્રમાં ( ૨–૩૧ ) એ વ્રતોને મહાવ્રત તરિકે ઓળખાવ્યા છે અને બૌધાયન ધર્મસૂત્રની વ્યાખ્યા કરતા ગોવિંદસ્વામીએ પણ ( ૨–૧૦–૪૧ ) અહિંસા વિગેરેને મહાવ્રતના નામે ઓળખાવ્યા છે.

જૈનો પણ બૌદ્ધોની જેમ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થ ભાવનામાં માને છે. વેદપંથીઓમાં પણ જુના વખતથી એ ભાવના ચાલી આવી છે. પાતંજલદર્શનમાં પણ ( ૧–૩૩ ) કહ્યું છે.

**मैत्रीकरुणामुदितोपेक्षाणां...भावनाश्चित्तप्रसादनम्–**

તત્ત્વાર્થાધિગમની સાક્ષી આપી શ્રી શાસ્ત્રીજી, અહીં સંવર તથા આશ્રવનો અર્થ સમજાવે છે. ઇન્દ્રિનિગ્રહ, સંવરનો જ પ્રકાર છે એમ કહી તેઓ વેદપંથી માન્યતાની સાથે જૈન મંતવ્યનો સમન્વય યોજે છે. ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સંતોષ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચનતા અને બ્રહ્મચર્ય વિગેરે ધર્મો, અનુપ્રેક્ષાઓ અને ભાવનાઓ પણ વેદપંથીઓના ધર્મ તથા દર્શનમાં બરાબર મળી આવે છે. મુક્તિના ઉમેદવારે ભૂખ, તરસ ટાઢ, તડકો એવા બાવીસ પ્રકારના પરિસહો ખમવાં જોઇએ. મચ્છરના ડંખનો પણ એ પરિસહમાં ઉલ્લેખ છે. વેદપંથી ધર્મમાં પણ એ જ મતલબનું વિધાન છે

**न द्रुह्येद् दंश मशकान् हिमवान् तापसो भवेत्**

( બાધાયન....૩–૩–૧૯ )

ઉપસંહારમાં શાસ્ત્રીજી કહે છેઃ " વેદપંથીઓના પ્રાચીન ધર્મશાસ્ત્રોમાંથી આવા સેંકડો વચનો ઉતારી શકાય. બૌદ્ધ, જૈન તેમ જ વેદપંથી સંન્યાસીઓ લગભગ એક જ પ્રકારના વિધિ–નિયમો પાળતા હોય એમ સહેજે સિદ્ધ કરી શકાય, પણ એ ઉપરથી એકે બીજાનું અનુકરણ કર્યું છે એમ માની લેવાનું નથી. એક જ મૂળને આશ્રયી સંન્યાસધર્મ અથવા યતિધર્મની આ બધી શાખાઓ ફૂટી છે. કોઇને સંયોગવશાત્ મૂળ નિયમોમાં થોડો સુધારો–વધારો કરવો પડયો હોય તો પણ આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. "

જૈન ગૃહસ્થો પણ વેદપંથીઓને મળતા આવે એવા આચાર પાળે છે. આ આચારો વિષે શાસ્ત્રીજીએ જેવું જોઇએ તેવું વિવેચન નથી કર્યું, એટલું છતાં આપણે સૌ કોઈ જાણીએ છીએ કે જૈન સંસ્કૃતિ અને આર્ય સંસ્કૃતિની –ઉભયની અસર આપણા આચાર–વિચાર ઉપર પડી છે.

અંગ–બંગ–કલીંગ અને મગધ દેશમાં એક વખતે જૈનશાસનની ખૂબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તરાધ્યાયસૂત્રનો સદ્બોધ.

## (૧) આદર્શ સાધુ જીવન ( સંગ્રહિત )

૧ સરલ ભાવ, ૨ તિતિક્ષા ( સહિષ્ણુતા ), ૩ નિરભિમાનતા, ૪ અનાસક્તિ ( તૃષ્ણારહિત દશા ), ૫ નિંદા કે પ્રશંસા બન્ને સ્થિતિમાં સમાનતા, ૬ પ્રાણી માત્ર ઉપર સમાનભાવ, ૭ એકાન્તવૃત્તિ અને ૮ સતત અપ્રમત્તતા એ આઠ ગુણો ત્યાગધર્મની ઈમારતના પાયા છે. તે પાયા જેટલા પરિપકવ ( મજબૂત ) અને પુષ્ટ તેટલું જ ત્યાગી જીવન ઉચ્ચ અને સુવાસિત. એ સુવાસમાં અનંતભવની વાસનામય દુર્ગંધ નષ્ટભ્રષ્ટ થઈ ભવ્યાત્મા ઉંચી ને ઉંચી ભૂમિકામાં જઇ આખરે અંતિમ લક્ષ્ય ( શાશ્વત મોક્ષ )ને પામી જાય છે. ( ઉત્તરાધ્યયન ૨૧ માની છેલ્લી ટુંકી નોંધ. )

## (૨) સમુદ્રપાલીય.

### સમુદ્રપાલનું જીવન.

વાવેલું અફળ જતું નથી. આજે નહિ તો કાળે કરીને પણ તે બીજ ફળવાનું જ છે. શુભ વાવી, શુભ પામી, શુદ્ધ થવું એ આપણો જીવનનો હેતુ છે.

સમુદ્રપાલે પૂર્વે વાવ્યું હતું અને શુભ વાવી શુભ સ્થાનમાં યોજાઈ મનગમતા સાધનો પામ્યાં અને તેને ભોગવ્યાં પણ ખરાં ને તજ્યાં પણ ખરાં; પરંતુ તેનો હેતુ તો કંઇક જુદો જ હતો અને તે હેતુ પાર પાડવા માટે જ જાણે ફાંસીને લાકડે જતાં ચોરને જોયો ન હોય ! તેને જોતાં જ તેની દૃષ્ટિનાં પડળો ખુલ્યાં. માત્ર વસ્તુ પર જ નહિ પરંતુ વસ્તુના પરિણામ

---

જાહોજલાલી હતી. એ રાજધર્મ હતો. એટલા ખાતર ઈર્ષાવશ ઘણાકોએ એને અનાર્યભૂમિ કહી છે. માત્ર તીર્થયાત્રા માટે જવું પડે તો જ જવું એવો આ વેદપંથીઓએ આદેશ આપ્યો હતો, પરંતુ એટલા જ ઉપરથી જૈનધર્મ અનાર્યધર્મ છે એમ કહેવું એ અન્યાય છે. શ્રી. વિધુશેખર શાસ્ત્રીજી, ઉપરોક્ત લેખને અંતે નિશ્ચયપૂર્વક સિદ્ધ કરે છે કે જૈનો આર્યો જ છે-જૈનધર્મ એક આર્યધર્મ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ દૃષ્ટિ ગઈ. વાવેલું ઉદય આવ્યું. સંસ્કાર સ્ફુર્યા. પવિત્ર થવાની પ્રેરણા જાગી. અને એ સમર્થ આત્માએ પોતાની સાધના પૂરી કરી. (ઉ૦ અ૦ ૨૧)

## (૩) રહનેમિય.

### રહનેમિનું જીવન.

શરીર, સંપત્તિ અને સાધનો પૂર્વપુણ્યથી પ્રાપ્ત થાય છે. પુન્યાનુબંધી પુન્ય હોય તો પ્રાપ્ત થએલાં સાધનો સન્માર્ગે જ યોજાય છે અને ઉપાદાનમાં સહકારી નીવડે છે.

શુદ્ધ ઉપાદાન એટલે જીવાત્માની ઉન્નત્ત દશા. આવી ઉન્નત્ત દશાવાળો આત્મા ભોગોનાં પ્રબળ પ્રલોભનોમાં પડવા છતાં સહજ નિમિત્ત મળે કે સહેજે છટકી જાય છે.

નેમિનાથ કૃષ્ણવાસુદેવના પિત્રાઈ ભાઈ હતા. પૂર્વભવના પ્રબળ પુરૂષાર્થથી તેનું ઉપાદાન શુદ્ધ થયું હતું. તેનો અંતરાત્મા સ્ફટિક જેવો ઉજળો હતો, હજુએ તેને ઉન્નત્ત દશામાં જવું હતું; તેથી જ આ ઉત્તમ રાજકુલમાં મનુષ્ય ભવે તેનું આગમન થયું હતું.

ભરયૌવન, સર્વાંગ સૌમ્ય શરીર, વિપુલ સમૃદ્ધિ પામ્યા છતાં તેનું મન તેમાં રાચતું ન હતું પરંતુ કૃષ્ણ મહારાજાના અતિ આગ્રહવશાત્ તેમનું સગપણ ઉગ્રસેન મહારાજાની રંભા સમાન સ્વરૂપવતી પુત્રી રાજીમતિ સાથે થએલું.

ભરપુર ઠાઠમાઠથી આખા યાદવકુલ સાથે તે કુમાર પરણવા ચાલ્યા. રસ્તામાં બાંધેલાં પશુઓના પોકાર સાંભળી સારથિને પૂછયું કે આ બિચારાં શા સારૂં પીડાય છે? સારથીએ કહ્યું: પ્રભુ! એ તો આપના લગ્નમાં આવેલા મીજમાનોના ભોજન માટે બાંધી રાખ્યાં છે.

મારા લગ્ન નિમિત્ત આ ઘોર હિંસા? તેજીને ટકોરો બસ છે. તે જ વખતે લગ્નના હર્ષ સુકાઈ ગયાં. એ રાજકુમાર પરણ્યા વિના ઘેર પાછા વળ્યાં અને આખરે યુવાનવયમાં રાજપાટ અને ભોગવિલાસ એ બધું તજી મહાયોગી થયા.

સહજ વિચાર જીવનના કેવા પલટા કરી મૂકે છે? સાવધ થયેલો આત્મા શું નથી કરી શકતો? (ઉ૦ અ૦ ૨૩)

## (૪) સંયતીય

### સંયતિ રાજર્ષિ સંબંધી

ચારિત્રશીલનું મૌન જે અસર ઉપજાવે છે તે હજારો પ્રવક્તાઓ કે લાખો ગ્રંથો ઉપજાવી શકતા નથી. જ્ઞાનનું ફળ ચારિત્રનું સ્ફુરણ છે. ચારિત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ

## વિરોધીઓને પડકાર

સુપ્રસિદ્ધ સ્વર્ગીય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજને સં. ૧૯૯૨ ના ચૈત્ર સુદિ એકમને દિવસે સો વર્ષ પૂર્ણ થતા હોવાથી તેઓશ્રીની **જન્મ શતાબ્દિ** ઉજવવાનો પુણ્યપ્રસંગ જૈન સમાજને સાંપડયો છે તેમજ શ્રી આત્મારામજી મહારાજે સં. ૧૯૩૨ માં ઢુંઢક દીક્ષાનો ત્યાગ કરી, શુદ્ધ સંવેગી દીક્ષા અંગીકાર કરી પવિત્ર ત્યાગમય જીવન જીવેલ હોવાથી તે મહાત્માને ૬૦ વર્ષ પૂર્ણ થયા છે તેથી તેઓશ્રીની ડાયમંડ જ્યુબીલી-હીરક મહોત્સવ અને સં. ૧૯૪૨ માં પાલીતાણા તીર્થમાં પાંત્રીસ હજાર માણસોએ મળીને તેઓશ્રીને આચાર્યપદથી વિભૂષિત કર્યા તે ગણત્રીએ ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી ગોલ્ડન જ્યુબીલી-સુવર્ણ મહોત્સવ ઉજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ઉપર દર્શાવેલ હિસાબે શ્રી આત્મારામજી મહારાજની ગોલ્ડન જ્યુબીલી, ડાયમંડ જ્યુબીલી અને છેવટે સો વર્ષની જન્મ શતાબ્દિ એમ ત્રણ કાર્યો શતાબ્દિ ઉજવતી વખતે જૈન સમાજને ઉજવવાના છે. એકલી સો વર્ષની જન્મ

---

એક જ ચિનગારી સેંકડો જન્મોના કર્માવરણ( માળાજાળ )ને બાળી શકે છે ચારિત્રની સુવાસ કલ્મષો (પાપો)ને નિર્મળ કરી શકે છે.

એકદા કાંપિલ્યનગરના સંયતિ મહારાજા મૃગયા ( શિકાર ) માટે એક ઉદ્યાનમાં નીકળી પડ્યા છે. આથી એ કાંપીલ્યકેશર ઉદ્યાનમાં નિર્દોષ એવાં મૃગાદિ પશુઓ ત્રાસી ઊઠ્યાં છે. રસમાં આસક્ત થએલા મહારાજાના હ્રદયમાં અનુકંપા દેવીને બદલે નિર્દયતાનો વાસ જામ્યો છે.

ઘોડા પર બેસી કેંક મૃગલાઓને બાણો માર્યા. બાદ જેવો તે ઘવાયેલા મૃગલા પાસે આવે છે તેવો જ તે તેની પાસે પદ્માસને બેઠેલા એક યોગીશ્વરને જુએ છે. અને જોતાં વાર જ ચમકે છે. તુરત જ અશ્વ પરથી ઉતરી મુનીશ્વરની પાસે આવી વિનયપૂર્વક તેમનાં ચરણપૂજન કરે છે, નમસ્કાર કરે છે. ધ્યાનમાં અડોલ રહેલા ગર્દભાલી યોગીશ્વરને કશોએ ખ્યાલ નથી. તે તો મૌન સમાધિમાં બેઠા છે, પરંતુ મહારાજા, યોગીરાજ તરફથી પ્રત્યુત્તર ન મળતાં ભયભીત થાય છે. વિના વાંકે કરેલી નિર્દોષ પશુઓની હિંસા તેને વારંવાર ખટકયા કરે છે. અનુકંપાની લ્હેરો ઉછળી પડે છે.

યોગીશ્વર ધ્યાનમાંથી નિવૃત્ત થાય છે કે શીઘ્ર મહારાજા પોતાનું નામ જણાવી યોગીરાજની કૃપાપ્રસાદને મેળવવાની જિજ્ઞાસા રજુ કરે છે યોગીરાજ તેમને યથાર્થ ભાન કરાવે છે અને ત્યાં જ એ સંસ્કારી આત્માનો તે જ ક્ષણે ઉદ્ધાર થાય છે.

સ. કે. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શતાબ્દિ નામ સાંભળીને ભડકી ઊઠી, આવા પુણ્ય પ્રસંગે વિઘ્નો નાખવા, શતાબ્દિ ન ઉજવાય તે માટે ઘૃણીત પ્રયત્નો આદરવા અને શતાબ્દિ હોય જ નહી એવા બણુગા ફુંકવા એ ખરેખર લજ્જાસ્પદ જેવું નહીં તો બીજું શું કહેવાય? પોતાના ઉપકારીના ગુણો ગાવા તો દૂર રહ્યા પરંતુ એવા સમયે ગુણ ગાનારાઓના પ્રત્યે યદ્વાતદ્વા મન ફાવે તેવા લખાણો લખવા એ તો અત્યંત બેહુંદુ નહીં તો બીજું શું છે? એ પામરોને ખબર છે કે શતાબ્દિ સો વર્ષની થાય છે કે કેટલા વર્ષની થાય છે? જ્યારે શતાબ્દિ નામ આપ્યું તો એક નાનું બાળક પણ સમજી શકે છે કે સો વર્ષના ઉત્સવને જ શતાબ્દિ મહોત્સવ કહેવાય છે. આવી તદ્દન સાદી વ્યાખ્યા હોવા છતાં જેને પોતાની જિંદગીમાં ગુરૂદેવના નામે એક પણ શુભ કામ ન કરેલ હોવાથી જ આવી સાદી વ્યાખ્યાનો પણ, પોતાના માનસની સાથે પોતાની પડેલી ટેવની સાથે સરખાવી ભળતી જ વ્યાખ્યા કરી, ભદ્રિક આત્માઓને બહેકાવી રહ્યા છે કે શતાબ્દિ ઉજવી શકાય નહી. આવી અર્થહીન પ્રવૃત્તિ આદરી કલ્યાણકારી શતાબ્દિ મહોત્સવમાં ભાગ લેતા પુણ્યવાનોને રોકી અંતરાય બાંધી રહ્યા છે એ બહુ જ ખેદનો વિષય છે.

આવા પુણ્યના સમારંભો ન દેખી શકતા હો તો ચૂપ કરીને બેસી જાઓ એ જ વધુ ઇચ્છવાજોગ છે. જૈન સમાજમાં ઘણી જ અંધાધુંધી ચલાવી, સમાજને છિન્નભિન્ન કરી દીધો, સ્થાન સ્થાન પર અનિચ્છનીય વાતાવરણો જગાવ્યા, ગામ–ગામમાં–આપસઆપસમાં કલેશોના દાવાનલો સળગાવ્યા અને હજારો આત્માઓને ધર્મ ભાવનાથી અવાસિત બનાવ્યા–આટલું કરવા છતાં હજુ શું કરવા ધારે છે એ નથી સમજાતું!! ધર્મના બ્હાને ઝનુની વાયુનો પ્રચાર કરવો એ સાચા ધર્મીને–પ્રભુ મહાવીરના સાચા અનુયાયીને–શોભતું નથી. કયાંએ ન ફાવ્યા ત્યારે આ શતાબ્દિ ઉપર ત્રાડ મારવા પ્રયત્નો સેવાયા, પરંતુ એમાં પણ અંતે નાસીપાસ થવાથી ભાડુતી ટટુઓને ઊભા કરી છાપાઓના કોલમોના કોલમો તેમની મારફત ભરાવવા ચાલુ કર્યા અને એ દ્વારા શતાબ્દિને અટકાવવા માટે અર્થવગરના પ્રયાસો કરવા લાગ્યા ત્યારે તેનો ઉત્તર જૈન સમાજે કામ કરીને, ગામ ગામમાં–નગર નગરમાં શતાબ્દિનો પ્રચાર કરીને મોંતોડ ઉત્તરો આપ્યા. આટલું સ્વનજરે જોવા છતાં પણ પોતાની ભાવના નથી બદલતા એને કેટલો દુરાગ્રહ અને કદાગ્રહ કહેવો એ વિચારકો સ્વયં વિચારી લ્યે એ જ યોગ્ય છે.

પુણ્યોદયે પ્રાપ્ત થયેલ આ પુણ્ય સમારંભ તો સાચા ગુરૂ ભક્તો અવશ્ય ઉજવશે એમાં શંકાને અવકાશ આપશો જ નહીં. તમારા અઘટીત લખાણોથી આ પ્રસંગ અટકી જાય એમ કદાપિ માનશો નહીં. તમો એમ માનતા હો કે અમારા લખાણથી કે પ્રચારથી શતાબ્દિ ઉજવવાનું છોડી દેશે યા શતાબ્દિ ફંડમાં નાણા નહી ભરાય તો એ વિચારને તિલાંજલી આપજો. પ્રત્યેક ગામ–નગરમાંથી શતાબ્દિ ફંડમાં કેટલો ફાળો મલ્યો છે એ તો જ્યારે રિપોર્ટ બહાર આવશે ત્યારે જ પશ્ચાત્તાપ કરવાનો ટાઇમ દેખાશે. આ શુભ કાર્યમાં કેટલા આત્માઓનો સહકાર છે એ જોઇ તે વખતે વિરોધ કરનાર વિરોધીઓને ખબર પડશે કે અમારો વિરોધ દ્વેષબુદ્ધિથી જ હતો. એ વિરોધ કરનાર આત્માઓને સ્પષ્ટ સૂચવું છું કે તમો તમારી કુત્સિત પ્રવૃત્તિને છોડી આ સુંદર પ્રવૃત્તિ તરફ ઝુકો ને એનો જ પ્રચાર કરો. એ જ તમારે માટે ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સો વર્ષની શતાબ્દિ સાથે વિરોધ હોય તો સાઠ વર્ષની દીક્ષાપર્યાયની અને પચ્ચાસ વર્ષની આચાર્યપદવીની જયુબીલી ઉજવી, સત્યગુરૂદેવનું પુણ્ય સ્મરણ સમાજને કરાવવું યોગ્ય છે. આ સમય વારંવાર નહી જ આવે એ ચોક્કસ માનજો. બાકી એમ જ હોય કે આ કામ થવા જ નથી દેવું તો એ વિચાર સર્વથા માંડી જ વાળજો. કાંટા વાવનારને કાંટા જ નડવાના છે અને વાવનારના આત્માને જ નુકશાન થશે. સદ્ગુરૂદેવના પ્રત્યે થોડી પણ ગુરૂભક્તિ-લાગણી વ્યક્ત કરવા માનસ ધરાવતા હો તો આ સમય વિરોધ કરવાનો નથી કિન્તુ પૂર્ણ ભાવથી, ખરા અંતઃકરણથી શતાબ્દિ મહોત્સવ યા હીરક મહોત્સવ અને સુવર્ણ મહોત્સવ ઉજવવા પ્રથમ તકે તૈયાર રહેજો. સમાજ પ્રત્યક્ષ નિહાળી રહી છે. સભ્ય સંસાર સારી રીતે બુદ્ધિપૂર્વક પરીક્ષા કરી રહ્યો છે. આ નિમિત્તે યદિ ગુરૂદેવની શતાબ્દિ પોતપોતાના સ્થાનમાં ઉજવી બતાવશો તો પણ સભ્ય વર્ગ અવર્ણવાદ બોલતો અટકી જશે, માટે વધુ ન સુચવતાં આટલું જણાવું છું કે સો વર્ષની જન્મ શતાબ્દિ સાથે વિરોધ હોય તો પચાસ વર્ષનો મહિમા ઉજવજો. એની સાથે પણ અણગમો હોય તો તમારી માન્યતા મુજબ દીક્ષાકાલથી ગણીને સાઠ વર્ષનો હીરક મહોત્સવ ઉજવી બતાવજો. યદિ ગુરૂદેવના ઉપકારોને ઉપકાર તરીકે માનતા હો તો આટલું અવશ્ય કરીને બતાવશો.

આ શતાબ્દિ પાછળ સહસ્રો આત્માઓનો ટેકો છે. હજારો આત્માઓની મુંગી ભક્તિ રહેલી છે. તેથી શતાબ્દિને તમારી પ્રવૃત્તિથી નુકશાન પહોંચે તેમ છે જ નહી. બલ્કે તેની નીબ-પાયો વધુ ને વધુ મજબુત થતો જાય છે. જૈન સમાજ શતાબ્દિદ્વારા થતો ફાયદો જોઇ રહી છે તેથી સમાજનો સુંદર સહકાર છે. જ્યાં સંઘ છે, સમુદાય બળ છે તે કાર્ય નિરંતર સંગીન અને આવકારદાયક જ હોય છે. ન ખાઉં ને ન ખાવા દઉં આ લોકોક્તિને હરગીજ સફળ કરવા તૈયાર થતાં એટલું જ કહેવાનું છે.

આ જન્મ શતાબ્દિના પ્રાણસમા કર્ણધાર શતાબ્દિનાયક શ્રીઆત્મારામજી મહારાજના પટ્ટધર આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ અને પૂજ્યપાદ પ્રવર્તક **શ્રીકાંતિવિજયજી** મહારાજ છે જેઓ સમર્થ બુદ્ધિશાલી અને વયોવૃદ્ધ છે. એ બન્ને વીરાત્માના બ્રહ્મતેજનો પ્રકાશ હોવાથી અખંડ ગુરૂ આજ્ઞાપાલક છે. એ બન્ને મહાપુરૂષના અંતરંગનો વિશુદ્ધ ભક્તિભાવ હોવાથી જ આ શતાબ્દિનો આટલો પ્રચુર પ્રચાર થયો છે અને થઇ રહ્યો છે. ગુરૂભક્તોએ શતાબ્દિની દિવાલો વજ્રપાયાથી ચણી છે એટલે એને કોઇ જાતનો આંચકો આવે તેમ છે જ નહં, અર્થાત સમાજે શતાબ્દિને વધાવી લીધી છે.

આ શતાબ્દિનું ભગીરથ કાર્ય પૂજ્યપાદ સૂરિપ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે ઉપાડયું છે જે સૂરિપુંગવની નસે-નસમાંથી રૂંવાટે-રૂંવાટેથી સ્વર્ગસ્થ ગુરૂદેવની અનુપમ ભક્તિના ઝરણાઓ ને અખૂટ અમૃત પ્રવાહો વહે છે. એ ગુરૂભક્ત મહાત્માએ શતાબ્દિનો ઝંડો હાથ ધર્યો છે અને સમાજે પૂર્ણ ઉત્સાહથી સહકાર આપી એ ઝંડાને ગામે ગામમાં ફરકાવ્યો છે તેથી શતાબ્દિની કીર્તિ ચોમેર પૂરજોશથી ગવાઇ રહી છે. એ કીર્તિનો અવાજ ન સહન થવાથી કેટલાક તખલ્લુસો અર્હત્સુનુ ને કપાસી જેવા પામરો બહાર પડી હોળીના નાલીએર બની રહ્યા છે. સમાજે આવા પામરો પ્રત્યે તો દયા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

વૈદ્ય લોકો પેટના સમસ્ત દૂષિત મળને કાઢવા માટે એક પાંચ સકાર ચૂર્ણનો પ્રયોગ કરે છે, જેના સેવનથી પેટ નિર્વિકાર થઇ જાય છે. બધી વ્યાધિઓનું મૂળ કારણ ઉદરવિકાર જ છે. ઉદરવિકાર નષ્ટ થાય કે તમામ રોગોનું મૂળ કપાઇ જાય. એવી જ રીતે સમસ્ત ભવ-વ્યાધિને સમૂળ નાશ કરનાર એક પાંચ સકારનો રામબાણ નુસખો છે. એમાં પણ પાંચ ચીજો છે અને પાંચ વસ્તુ એક એકથી વધારે લાભ કરનાર છે. એમાંથી કોઇ એકનું સેવન કરવાથી પણ સઘળા વિકાર નષ્ટ થાય છે. જે પુરૂષ પાંચેનું સેવન કરે છે તેને માટે તો શું કહેવું ? એ પાંચ સકાર આ છેઃ– સહિષ્ણુતા, સેવા, સન્માનદાન, સ્વાર્થત્યાગ અને સમતા.

હવે એમાંથી એક–એક પર વિચાર કરવામાં આવશે.

## સહિષ્ણુતા.

સહિષ્ણુતાનો અર્થ તિતિક્ષા અથવા સહનશીલતા થાય છે. સહનશીલતાનાં મુખ્ય ચાર અંગ છેઃ (૧) દ્વન્દ્વસહિષ્ણુતા, વેગસહિષ્ણુતા, પરોત્કર્ષસહિષ્ણુતા અને પરમતસહિષ્ણુતા. હવે એના પર જરા વિચાર કરીએ.

### દ્વન્દ્વસહિષ્ણુતા.

સુખ–દુઃખ, હાનિ–લાભ, જય–પરાજય, માન–અપમાન, શીત–ઉષ્ણ વગેરે પરસ્પર વિરોધી દ્વન્દ્વોમાં હર્ષ અને શોક ન કરતાં ચિત્તનું સર્વથા નિર્વિકાર રહેવું એ દ્વન્દ્વસહિષ્ણુતા છે. એનું ફળ અમૃતત્વ અથવા મોક્ષની પ્રાપ્તિ છે. ગીતાજીમાં કહ્યું છે કેઃ—

---

જ રાખવી ઘટે છે. ભાહુતી ટટુઓ તરફ નજર ન કરતાં પ્રસ્તુત શતાબ્દિનો ફેલાવો-પ્રગતિ અધિક કરવી એ જ આપણા માટે હિતાવહ અને લાભકારી છે.

શાસનદેવ સ્વર્ગસ્થ ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિને વધુ પ્રગતિમાં આણે અને ચોમેર શતાબ્દિનો વિજયધ્વજ ફરકાવવા તેના પ્રચારકોને પૂર્ણ સહાયતા અર્પે એટલું અંતઃકરણથી ઇચ્છી અત્રે જ વિરમું છું.

સં. ૧૯૯૨ આત્મ સં. ૪૦<br>
તા. ૨૩-૨-૩૬<br>
ફાગણ સુદિ ૧ રવિવાર

ચરણવિજય<br>
ઉજમબાઇની ધર્મશાળા<br>
અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मात्रा स्पर्शास्तु कौन्तेय ! शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ! ॥
यं हिन व्यथयन्त्ये ते पुरुषं पुरुषर्षभ ! ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

અર્થાત્—હે અર્જુન ! શીત, ઉષ્ણ તથા સુખ–દુઃખ આપનાર ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ ક્ષણભંગુર અને અનિત્ય છે. હે ભારત ! તું એને સહન કર. હે પુરૂષશ્રેષ્ઠ ! સુખ–દુઃખને સમાન સમજનાર જે ધીર પુરૂષને એ દ્વન્દ્વ વ્યાકુલ નથી કરી શકતું તે મોક્ષપ્રાપ્તિને યોગ્ય થઈ જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે એ દ્વન્દ્વસહિષ્ણુતા કેવી રીતે પ્રાપ્ત થાય ? એનું પહેલું સાધન તો એ વિચાર છે કે સાંસારિક હાનિ–લાભ, સુખ–દુઃખ જે કાંઇ પણ થાય છે તે સર્વ આપણા પૂર્વકૃત કર્મનું ફળ છે અને કર્મફળ ભોગવવું પડે જ છે. સંચિત અને ક્રિયમાણનો તો નાશ પણ થઈ જાય છે, પરંતુ પ્રારબ્ધનો નાશ સ્વરૂપથી થઇ શકતો નથી. જ્ઞાની પુરૂષમાં કર્તા અને ભોક્તાપણાનું અભિમાન નહિ હોવાથી પ્રારબ્ધ કર્મ અનુસાર ફળ હોવા છતાં પણ તેના પર તેનો કશો પ્રભાવ પડતો નથી, તથાપિ સ્વરૂપથી પ્રારબ્ધનો નાશ નથી થતો. કર્મોનું ફળ મૃત્યુ સમય સુધી બરાબર ભોગવવું પડે છે. તપયોગે કરીને આપણા કર્મનો ક્ષય થાય છે અને જેટલી કર્મોની જંજાળ કપાય છે તેટલું પરમાત્માની સમીપ પહોંચાય છે. એટલા માટે તે આનંદપૂર્વક સહન કરવું જોઇએ.

એક વસ્તુ યાદ રાખવાની છે કે સુખની પ્રાપ્તિમાં હર્ષ થવો અને દુઃખમાં વિષાદ થવો એ બન્ને અસહિષ્ણુતાના પ્રકાર છે. કેટલાક લોકો એ અસહિષ્ણુતામૂલક સુખને જ આનંદ માને છે, પરંતુ એ તેઓની ભૂલ છે. સુખ–દુઃખ બન્નેમાં જ સહિષ્ણુતા હોવી જોઇએ; બન્નેમાં વિકારહીન સ્થિતિ હોવી જોઇએ.

દ્વન્દ્વસહિષ્ણુતાનું બીજું સાધન છે સુખ–દુઃખાદિના સ્વરૂપનું જ્ઞાન. વિચાર કરતાં માલૂમ પડે છે કે સુખ–દુઃખાદિ ખરી રીતે કોઇ પણ વસ્તુમાં નથી. એનું મૂળ આપણા મનમાં જ છે. જ્યાં પ્રતિકૂળતા અથવા અભાવનો અનુભવ છે ત્યાં જ દુઃખ છે, અને જ્યાં અનુકૂળતા અથવા અભાવનો અનુભવ નથી હોતો ત્યાં સુખ છે. અનુકૂળતા તથા પ્રતિકૂળતાનો આધાર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ અને દ્વેષ. જે વસ્તુમાં રાગ હોય છે તે વસ્તુની પ્રાપ્તિમાં અને જે વસ્તુમાં દ્વેષ હોય છે તેના વિનાશ અથવા અભાવમાં આપણને અનુકૂળતા લાગે છે. એવી રીતે દ્વેષવાળી વસ્તુની પ્રાપ્તિમાં અને રાગવાળી વસ્તુના વિનાશ અથવા અભાવમાં આપણને પ્રતિકૂળતા પ્રતીત થાય છે. રાગદ્વેષ હમેશાં બધી વસ્તુઓમાં એક સરખા નથી રહેતા, એટલા માટે અનુકૂળતા–પ્રતિકૂળતા પણ એક સરખાં નથી હોતાં. આજે એક માણસમાં કોઇ સ્વાર્થના સંબંધને લઇને રાગ હોય છે એથી કરીને તેનું મિલન અનુકૂળ અને તેનો વિયોગ પ્રતિકૂલ લાગે છે. સંભવિત છે કે કાલે સ્વાર્થમાં કોઇ પ્રકારની અડચણ થતાં તેનામાં દ્વેષ થઇ જાય ત્યારે તેનું મિલન પ્રતિકૂળ અને તેનો વિયોગ અનુકૂળ લાગશે. કેટલીક વાર તો તેના મૃત્યુ સુધીના વિચારમાં અનુકૂળતા લાગે છે. જ્યાં પ્રતિકૂળતા હોય છે ત્યાં અનુકૂળતાનો અભાવ હોય છે, અને એ અનુકૂળતાના અભાવનો ચિત્તમાં જે એક જાતનો અનુભવ થાય છે તે જ મહાન ઉદ્વેગ કરનાર હોય છે. એ ઉદ્વેગ અને સંતાપથી પૂર્ણ અનુભવનું નામ જ દુઃખ છે; પરંતુ વિચાર કરતાં એટલું પ્રત્યક્ષ થાય છે કે આપણી કલ્પી લીધેલી અનુકૂળતા–પ્રતિકૂળતા જ એ પ્રકારના સુખ–દુઃખમાં કારણભૂત છે અને એ અનુકૂળતા–પ્રતિકૂળતાનો આધાર રાગ–દ્વેષ છે. રાગ–દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનજનિત અહંકારથી અથવા અજ્ઞાનથી થાય છે. વિવેકથી–વિચારથી એ અજ્ઞાનનો પડદો ફાડી નાખવાથી રાગ–દ્વેષ નષ્ટ થઈ જાય છે. અને જેવો રાગ–દ્વેષ નીકળી જાય છે કે સુખ–દુઃખનો પ્રવાહ આપોઆપ સુકાઇ જાય છે. પછી તો કોઇ પણ સ્થિતિમાં નથી સુખ થતું કે નથી દુઃખ થતું, અને સુખ–દુઃખરહિત આનંદમાં જ બધા ભોગ ભોગવાય છે.

જે લોકો અસહિષ્ણુતામૂલક સુખની સ્થિતિમાં ધન, પુત્ર, પરિવાર, સ્વાસ્થ્ય, ઐશ્વર્ય, યશ, માન વગેરે લૌકિક વસ્તુઓની પ્રચુર પ્રાપ્તિમાં પ્રભુની દયા માને છે અને એ વસ્તુઓના વિનાશ અથવા અભાવમાં પ્રભુનો કોપ માને છે, તેઓ પ્રભુનું રહસ્ય જ નથી સમજતા. આપણે નથી જાણતા કે આપણું કલ્યાણ શેમાં રહેલું છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞા આપણે સર્વથા સન્માનપૂર્વક માથે ચડાવવું જોઇએ.

ઘણી મહત્ત્વની વાત તો એ છે કે વિધાન અને વિધાતા જુદા જ નથી; તે બધું એક જ છે. સુખમય સૃજન અને ભયંકર સંહાર એ બન્ને તે આનંદમય પ્રાણારામના બે આનંદમય સ્વરૂપ છે. તે કોઇ વખત ભયંકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂકંપ તથા કરાળ કાળના રૂપમાં પ્રકટ થાય છે તો કોઇ વખત શાંત સુખ-સામ્રાજ્ય અને સુશીતલ વિકાસના વેશમાં પ્રકટ થાય છે. તે જ એ રસિક-શેખરની રસિકતા છે. જે તેને એક વખત જાણી લે છે તે એનું કાંઇ સૌમ્ય રૂપ દેખીને ચકિત નથી થતો તેમ જ ભયાનક રૂપ જોઇને ડરતો નથી. તે તો સઘળી વાતમાં દરેક વખત સર્વત્ર તે આનંદમયને જોઇને, બધામાં તેનો કોમળ મધુર સ્પર્શ પામીને, હમેશાં દિવ્યાનંદમાં જ ડૂબ્યો રહે છે. એ આનંદ અસહિષ્ણુતામૂલક હર્ષ નથી. વિષયોમાં તો એ આનંદ જ નથી. એની અંદરતો દુઃખનું પ્રતિદ્વન્દ્વી સુખ છે. એ આનંદના દર્શન તો તેઓને જ થાય છે કે જેઓ વિષયોના જગતની–જડજગતની ઉપર થઇને આત્માના ચેતનના જગતમાં ચાલ્યા જાય છે. એ દ્વન્દ્વાતીત આનન્દ તેઓને જ પ્રાપ્ત થાય છે કે જેઓ અસહિષ્ણુતામૂલક હર્ષશોકની હદ ઓળંગીને દિવ્ય આનંદના સામ્રાજ્યમાં પ્રવેશ કરે છે; કેમકે પછી તો તે ઇશ્વર સિવાય કોઇને જોતો જ નથી.

પ્રભુ ભક્ત પ્રત્યેક સુખદુઃખના રૂપમાં સર્વથા, સર્વદા અને સર્વત્ર પ્રભુના ચરણોના દર્શન કરીને તેનું સ્વાગત કરે છે. સુખમાં તેને ભૂલી જતો નથી, દુઃખમાં રડતો નથી, તે તો નિત્ય નિરંતર આનંદમય રહે છે. તે જ દ્વન્દ્વસહિષ્ણુતાનું સર્વોત્તમ સ્વરૂપ છે.

દ્વન્દ્વયસાહિષ્ણુતા જ દુઃખ છે અને એ દુઃખને આપણે જોરથી પકડી રાખ્યું છે. જો આપણે પ્રત્યેક દ્વન્દ્વમાં આનંદની કલ્પના કરીએ તો એ કલ્પનાથી જ આપણું દુઃખ ઘણું ઓછું થઇ જશે. ખરી રીતે પ્રત્યેક દ્વન્દ્વ આનંદરૂપ જ છે. આપણે નિરંતર તે અપાર અગાધ આનન્દસાગરમાં ડુબી રહેવું જોઇએ. એટલું યાદ રાખવું જોઇએ કે આપણે આનંદમાંથી ઉત્પન્ન થયા છીએ, આનન્દમાં જ રહીએ છીએ, આનન્દમાં જ આપણું અવસાન છે, આપણે મહાન્ આનંદથી જ હમેશાં પરિપૂર્ણ છીએ, આપણે આનન્દ સ્વરૂપ જ છીએ, તો પછી કોઇપણ અવસ્થામાં–ભયાનક મૃત્યુમાં પણ આપણને આનંદના જ આનન્દમય દર્શન થશે. દ્વન્દ્વજનિત સુખદુઃખરૂપી ‘ દુઃખ ’ હમેશને માટે નષ્ટ થઈ જશે.

## વેગસહિષ્ણુતા

અજ્ઞાન અને અહંકારને લઈને મનમાં ઊભા થનારા કામ, ક્રોધ, લોભ, અભિમાન, વૈર, હિંસા, પ્રમાદ વગેરે દુષ્ટ ભાવોના વેગને રોકી રાખવો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને વશ ન થવું એ વેગસહિષ્ણુતા છે. વિષયાસક્તિને લઇને વારંવાર એનો વેગ વર્ષાઋતુમાં નદીઓના પ્રવાહની માફક ઘણો જ પ્રબલ થાય છે, પરંતુ વિચારપૂર્વક ધીરજથી તેનો વેગ સહેવો જોઇએ; કેમકે સહેવામાં જ કલ્યાણ છે. અને પરમાત્માનું અવલંબન કરવાથી એમાં કોઇ મોટી વાત નથી. બધા પાપોની ઉત્પત્તિ કામ, ક્રોધાદિમાંથી જ કહેલી છે અને તેમને નરકના દ્વારરૂપ ગણીને તેનાથી બચવાની આજ્ઞા કરેલી છે.

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथालोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

અર્થાત્ કામ–ક્રોધ અને લોભ એ ત્રણ પ્રકારના નરકના દરવાજા છે. એ આત્માનું પતન કરનાર છે, તેથી એ ત્રણેનો ત્યાગ કરવો જોઇએ. એના વેગને રોકી રાખનાર પુરૂષોને લાયક તેમ જ સુખી ગણવામાં આવ્યા છે.

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥

અર્થાત્–જે મનુષ્ય શરીરમાંથી નીકળવા પહેલા જ એ કામ, ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને સહી શકે છે–રોકી શકે છે તે જ સંસારમાં લાયક અને સુખી ગણાય છે. એ વેગોને સહન ન કરતાં તેના પ્રવાહમાં ખેંચાઇ જવાથી કેટલા ભારે અનર્થ અને અપરાધ થાય છે, કેવી રીતે અનંતકાળ સુધી દુઃખભોગના કારણરૂપ દુષ્કર્મરાશિનો મનુષ્ય સંગ્રહ કરી લે છે તેના પર ધીરજથી વિચાર કરતાં હૃદય કંપી ઉઠે છે. એ વેગોને સહવાનો ઉપાય છે. ભોગોમાં વૈરાગ્ય અને ઇશ્વરમાં અનુરાગ. ભોગોમાં વૈરાગ્ય થયા વગર ઇશ્વરમાં અનુરાગ નથી થતો, અને ઇશ્વરમાં અનુરાગ થતાં ભોગોમાં રાગ નથી રહી શકતો. જેણે એ પૂર્ણકામ પ્રાણારામ સૌન્દર્ય માધુર્ય અને ઐશ્ચર્યના નિધિરૂપ ઇશ્વરના સ્વપ્નમાં વિચારથી પણ દર્શન કરી લીધા હોય છે તેને પછી કયા સુખની ન્યૂનતા રહે છે ? તે તો હંમેશને માટે પોતાનું સર્વસ્વ તે અખિલ સૌન્દર્યસાર-સાગર, દિવ્યાતિદિવ્ય, માધુર્યનિધિ, હૃદયબન્ધુના ચરણોમાં સમર્પણ કરી દે છે. જ્યારે કોઇ બીજું રહેતું જ નથી ત્યારે બીજા કોઇને માટે તેનામાં કામની વાસના જ કેવી રીતે રહી શકે ? જ્યારે આખું વિશ્વ તેને વિશ્વતાપથી પરિ-પૂર્ણ દેખાય છે ત્યારે કોઈની ઉપર કઇ રીતે ક્રોધ કરી શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની મુનિગણુ સદા સર્વદા જેની ચરણરજના લોભી રહે છે તે અખિલ ઐશ્વર્યસાગર ઈશ્વરમાં જ્યારે અનુરાગી થઈ જાય છે ત્યારપછી બીજી કઇ લોભનીય વસ્તુ માટે લોભ રહી શકે ? મતલબ એ છે કે ઇશ્વરમાં અનુરાગ થયા પછી બધાની સાથે વિરાગ આપોઆપ થઇ જાય છે અનુરાગ પૂર્ણ થયા પહેલાં ઇશ્વરના પ્રેમ, મહત્ત્વ, તત્ત્વ તેમ જ શુદ્ધ સત્ત્વની વાતો જ શ્રદ્ધાપૂર્વક સાંભળ્યા પછી ચિત્ત તેનામાં અનુરાગી થવા લાગે છે. ઇશ્વરના ચરણકમળની પરાગનું પાન કરનાર ભ્રમર વિષયરૂપી ચંપાના ફૂલ પર શા માટે જાય ? પરંતુ જ્યાંસુધી ઇશ્વરમાં અનુરાગ ન થાય ત્યાંસુધી વિષયોમાં દુઃખદોષ જોઇને અને ઇશ્વરમાં અપાર સુખ સમજીને વિષયોથી ચિત્ત હઠાવવાનો અને ઇશ્વરમાં લગાડવાનો પ્રયત્ન કરવો પડશે. એ જ ' વૈરાગ્ય ' અને ' અભ્યાસ ' છે. વિષયોથી ચિત્ત હઠાવવાનો પ્રયત્ન કર્યા વગર ઇશ્વરની તરફ મન લગાડવાનો અભ્યાસ સહજ નથી થતો. એટલા માટે બન્ને કાર્ય સાથોસાથ થવા જોઇએ. પછી જેમ જેમ વિષયોમાં વિરાગ અને ભગવાનમાં અનુરાગની વૃદ્ધિ થશે, તેમ તેમ વેગસહિષ્ણુતા આપોઆપ આવી જશે. —(ચાલુ)

# વર્તમાન સમાચાર.

## અખિલભારતવર્ષીય શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘને વિનંતિ.

જગદ્વિખ્યાત યુગપ્રવર્તક સર્વમાન્ય મહુમ આચાર્ય દેવ ૧૦૦૮ શ્રીમાન્ આત્મારામજી મહારાજનો શતાબ્દિ મહોત્સવ વડોદરામાં ઊજવવાનું સદ્‌ભાગ્ય અનેક પ્રયાસો પછી વડોદરાનાં શ્રી સંઘને સાંપડયું છે. તેનો પાકો નિર્ણય વડોદરાના શ્રી સંઘના મનથી આજ જ ફાગણ શુદ ૧૨ ને બુધવારના રોજ આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીજી મહારાજના વડોદરામાં પધારવાથી થયો છે.

શ્રી આત્મારામજી મહારાજના સંઘાડાના સાધુઓનું સંમેલન ભરવાનું સદ્‌ભાગ્ય વડોદરા શ્રી સંઘને સાપડેલ તેને સત્તાવીશ વર્ષ ઉપરાંતના વ્હાણા વહી ગયા પછી તે મહાન પુરૂષની શતાબ્દિ ઉજવવાનો પ્રસંગ સાંપડવાથી આખો સંઘ સમુદાય આજ સવારથી ઉલ્લસિત થઇ આચાર્ય મહારાજના સ્વાગત અર્થે ઉલટી પડયો હતો. એક મારવાડી જૈન બંધુ શ્રી પોખરાજજી તરફથી મહારાજ સાહેબનું સામૈયુ કરી યાકુતપુરામાં મારવાડી જૈનબંધુઓના નિવાસસ્થળમાં આવેલ ઉપાશ્રયે લઇ જવામાં આવ્યા. સામૈયામાં ચાંદીની અંબાડીવાળો હાથી પાગા વિગેરે સરકારી સામગ્રી લાવી મારવાડીભાઇએ પોતાનો ભક્તિભાવ વિશેષ રીતે પ્રદર્શીત કર્યો હતો.

શતાબ્દિનો નિર્ણય બહુજ મોડો થવાથી કામગીરી માટે હવે ફક્ત પખવાડીયું જ બાકી રહેલ છે; છતાંએ કામકાજને પહોચી વળવાની તૈયારી આજથી શરૂ કરવા માંડી છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતસરની આમંત્રણુ પત્રિકા કાર્યક્રમ નિર્ણિત થયે બહાર પાડવામાં હજુ અઠવાડીયું પસાર લઇ જશે તેથી દરેક સ્થળોના શ્રી સંઘોને વિનંતિ કરવામાં આવે છે કે શતાબ્દિ મહોત્સવપર-વડોદરા પધારી પોતાની ગુરૂદેવ પ્રત્યેની ભક્તિ અને ફરજ બજાવવા તૈયાર થાય અને પોતાને ત્યાં બીરાજતા મુનીરાજો અને ગુરૂણીજી મહારાજો જેઓ વિહાર કરી પખવાડીયામાં વડોદરા પહોંચી શકતા હોય તેઓશ્રીને વડોદરા તરફ વિહાર કરવા શ્રી સંઘ તરફથી વિનંતિ કરવા દરેક ગામના સ્થાનિક શ્રી સંઘને આગ્રહભરી વિનંતિ છે. વડોદરા સં. ૧૯૯૨ ફાગણ શુ. ૧૨

શ્રી આત્મારામજી શતાબ્દિ મહોત્સવ-પ્રચારકાર્યાલય.

સંઘ સેવક,
**વાડીલાલ મગનલાલ વૈદ્ય.**

**શાંતિસ્નાત્ર મહોત્સવ**—આ સભાના ટ્રેઝરર શેઠ ફતેહચંદ ઝવેરભાઇ ભાઇચંદના સુપુત્ર ભાઇ હિમ્મતલાલના શુભ લગ્ન પ્રસંગે અત્રે શ્રી ગોડીજીના દહેરાસરજીમાં શાંતિ-સ્નાત્ર તેમના તરફથી ઘણા જ ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવ્યું હતું. તેમ જ આઠ દિવસ સુધી પ્રભુની આંગી રચાવવામાં આવી હતી અને જુદી જુદી પૂજાઓ ભણાવવામાં આવી હતી.

લગ્ન પ્રસંગ જેવા વ્યવહારિક કાર્યો સાથે આવા ધાર્મિક પ્રસંગોની સંકલના કર-વામાં આવે તે આવકારદાયક છે અમો તેની અનુમોદના કરીએ છીએ.

**ભાઈ હરિચંદ અમીચંદનો સ્વર્ગવાસ**—શુમારે પંચાવન વર્ષની પ્રૌઢ ઉમરે લાંબા વખતથી બિમારી ભોગવી મહા વદી ૩ ના રોજ ગોઘા શહેરમાં પંચત્વ પામ્યા છે. શ્રી હરિભાઇ ઘણા વખતથી મુંબઇ વેપાર અર્થે રહેતા હતા. તેઓ વેપારમાં કુનેહબાજ હતા. વળી ઉદાર, મિલનસાર, સરલ અને ધર્મશ્રદ્ધાળુ હતા. આ સભામાં ઘણા વર્ષોથી લાઇફમેમ્બર હતા અને સભા પ્રત્યે પ્રેમ ધરાવતા હતા. તેઓના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

**શેઠ ચુનીલાલ પ્રેમચંદનો સ્વર્ગવાસ**—સુરતનિવાસી શ્રી ચુનીલાલભાઇ થોડા વખતની બિમારી ભોગવી ફાગણ શુદ ૫ ના રોજ પંચત્વ પામ્યા છે. તે શ્રદ્ધાળુ, સરળ, ધર્મપ્રેમી, દેવ-ગુરૂભક્ત હતા. તેઓ આ સભા ઉપર પ્રેમ ધરાવતા હોઇ ઘણા વખતથી આ સભાના સભાસદ થયા હતા. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

**શાહ જાદવજી લલ્લુભાઇનો સ્વર્ગવાસ**—ભાવનગરનિવાસી ભાઇ જાદવજી ધંધાર્થે ઇંદોર રહેતા હતા, જ્યાં સામાન્ય બિમારી ભોગવી ફાગણ શુદ ૧૧ને મંગળવારના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સાદા, સરલ, નિરભિમાની, માયાળુ અને શ્રદ્ધાવાન હતા. તેઓ આ સભાના સભાસદ હતા. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પ્રકાશન ખાતું.

## છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–પ્રથમ અંશ. રૂા. ૩–૮–૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતીય અંશ. રૂા. ૩–૮–૦
૩ શ્રી બૃહુતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪–૦–૦
૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨–૦–૦

## છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ બીજો ભાગ. ૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ત્રીજો ભાગ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

## ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧–૪–૦ રૂા. ૧–૧૨–૦
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦–૨–૦
૫ શ્રી શત્રુંજ્ય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ રૂા. ૦–૪–૦

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ. ૦–૨–૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ). ૦–૪–૦
૩ શ્રી વીતરાગ–મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર. ૦–૪–૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦–૮–૦
૫ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ. ૦–૪–૦
૬ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ૦–૨–૦

## છપાતાં ગ્રંથો.

૭ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૮ ધાતુપારાયણ. ૯ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


## શ્રી નવપદ આરાધન ઓળી સમયે એક વધામણી

શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ-વિધાનો, સ્નાત્રો, પૂજાઓ, ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, મંત્રો, નવપદ મંડળ, યંત્રો વિ૦ અનેક વિવિધ ચિત્રો સાથે.

# શ્રીપાળ રાજાનો રાસ.

આજ સુધીમાં પ્રગટ થયેલા રાસો કરતાં આ રાસમાં ઘણી નવીનતા છે. સુંદર સોળ ચિત્રો વિગેરે હોવાથી તે સૌ કરતાં વધુ ઉપયોગી મનાયો છે અને તેથી આજે સૌ કોઇ તે મંગાવવા ઉત્સુક છે.

ઉંચા કાપડના બાઈંડીંગના રૂા ૨-૮-૦ ચાલુ કાપડના બાઈંડીંગના રૂા ૨-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

## श्री बृहत् कल्पसूत्रम्-

**( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )**

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે. નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેનાં વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only